॥ ॐ नमः श्रीसद्गुरुपरमात्मने ॥

स्त्रिओनुं नित्यकर्म.

શ્રીસદ્ગુરુ નથુરામને, પ્રેમે કરી પ્રણામ;
અલ્પગ્રંથ આ આદરું, દ્વિજ સ્ત્રીનો વિશ્રામ.

સ્વધર્મપરાયણ આર્ય સ્ત્રિઓએ પ્રતિદિન આલસ્ય—અનાસ્થાનો ત્યાગ કરી, શ્રદ્ધાપૂર્વક આપ્રમાણે નિત્યકર્મ કરવું; કારણ કે એથી આ લોકમાં સર્વે પ્રકારનાં સુખો, બુદ્ધિ, સંપત્તિ, સૌભાગ્ય, આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે; ને પરલોકમાં ક્રમે સ્વર્ગાદિ ઉચ્ચ લોકનાં સુખો પ્રાપ્ત થઇ, અંતે અખંડાનંદરૂપ પરમપદની પ્રાપ્તિ થાય છે.

પહેલો પહોર.

પવિત્ર સ્ત્રિઓએ નિત્ય પ્રાતઃકાલમાં સૂર્યોદય થતા પહેલાં પોતાના સ્વામીના ઉઠ્યા પહેલાં મંગલ વાણીનો ઉચ્ચાર કરતાં ઉઠી, તેમ પોતાના સ્વામીના મુખનું દર્શન કરી પવિત્ર સતીઓ, પોતાના સ્વામીના સદ્ગુરુ તથા શ્રીસદાશિવ ભગવાનનું નામસ્મરણ કરવું. [વિધવા સ્ત્રીએ શ્રીસદ્ગુરુ તથા શ્રીશંકરની જ સ્તુતિ કરવી.] તે-

પછી પથારી ઉપાડી ઘરમાંથી સંજવારી કાઢવી. ત્યાર પછી ઝાડે-જંગલ જઇ આવી, પાંચ વાર ડાબો હાથ એકલો માટી ને જલથી ધોવો; તેપછી બે હાથ ભેગા કરી માટી ને જલથી ધોવા; ને પછી એક વાર બે પગ પણ માટી ને જલવડે ધોવા. પછી ચાર કોગળા-કરી, દાતણ કરવું. તેપછી માથું ઓળી-ગુંથી અંબોડો બાંધી, વસ્ત્રસહિત નીચે બતાવેલા વિધિપ્રમાણે નહાવું; પણ વસ્ત્રવિના કયારે પણ નહાવું નહિ.

સ્નાન વિધિ.

પ્રથમ વાસણમાં પોતાને જોઇતું ટાઢું-ઊનું પાણી લઇ, બે હાથ જોડી નીચેનો મંત્ર બોલવોઃ—

" ગંગેચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ;
નર્મદે સિંધુ કાવેરિ, જલેસ્મિન્ સન્નિધિં કુરુ. "

ઉપરનો મંત્ર બોલી તે નહાવાના જલમાં તીર્થોનું આવાહન કરી, નમસ્કાર કરી આચમન કરવું. પછી પૂર્વ દિશા ભણી પોતાનું મુખ રહે તેમ બેસી નીચે પ્રમાણે સંકલ્પ કરી, ગંગા, યમુના, સરસ્વતી અને નર્મદાઆદિ તીર્થોમાં જ નહાઇ પવિત્ર થાઉંછું એવી ભાવના મનમાં રાખીને નહાવું.

અત્રાદ્ય અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે દેહશુદ્ધિસિદ્ધ્યર્થં પ્રાતઃસ્નાનમહં કરિષ્યે.

એપ્રમાણે નાહી આચમન કરી, ધોયેલું વસ્ત્ર અથવા અબોટિયું પહેરવું.

સૂર્યોપાસન.

પ્રથમ પૂજન સામગ્રી પાસે લઇ, નિશ્ચિંતપણે દર્ભ અથવા

ઊનના આસનપર પૂર્વભણી મુખ રાખી પલાંઠીવાળીને બેસવું. (પદ્માસન કે સ્વસ્તિકાસન આવડતું હોય તો તે વાળીને બેસવું) પછી "**કેશવાય નમઃ। નારાયણાય નમઃ। માધવાય નમઃ।**" એ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર આચમન કરી, "**ગોવિંદાય નમઃ।**" એમ કહી જમણા હાથની હથેલી ધોઇ નાખવી. પછી "**વિષ્ણવે નમઃ।**" એ મંત્ર બોલી બે આંખોએ જલનો સ્પર્શ કરવો. તે પછી સૌભાગ્યવતી સ્ત્રીએ નીચેનો મંત્ર બોલીને પોતાના કપાલે કંકુનો ચાંલ્લો કરવોઃ—

રમામપર્ણાં સાવિત્રીં, વૈદેહીં દ્રૌપદીં ચ વૈ;
સૌભાગ્યાય નમસ્કૃત્ય, કુંકુમં ધારયામ્યહમ્.

[વિધવા સ્ત્રીએ "**શ્રીશિવાય નમઃ।**" એ મંત્ર બોલી કોરી વિભૂતિનો અથવા જલનો ચાંલ્લો કરવો.]

પછી ડાબા હાથમાં જલ લઇ "**પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્**" એ મંત્ર બોલી, જમણા હાથનાં આંગળાંવડે કિંવા ફૂલવડે પોતાના શરીર તથા આસનપર માર્જન કરવું. (પાણી છાંટવું.) તે પછી નીચે બતાવેલી રીતે ત્રણ પ્રાણાયામ કરવાઃ—

પ્રથમ આંખો મીચી, મૌન રાખી, જમણા હાથની છેલ્લી બે આંગળીઓથી ડાબું નાક દબાવી રાખી "**નમો ભગવતે શ્રીસૂર્યાય**" એ મંત્ર એક વાર બોલતાં જમણી નાસિકાથી પવન અંદર ખેંચવો, પછી જમણા હાથના અંગૂઠાથી જમણું નાક પણ દબાવી દઇ ઉપરનો મંત્ર ચાર વાર કે પોતાની શક્તિ પ્રમાણે મનમાં ભણી રહેતાં સુધી અંદર રોકવો, પછી બે વાર તે મંત્ર મનમાં ઉચરતાં ડાબી નાસિકાથી ધીરે ધીરે રોકેલો પવન બહાર કાઢવો, આ એક પ્રાણાયામ થયો; એવા ત્રણ કરવા.

ઉપર પ્રમાણે ત્રણ પ્રાણાયામ કર્યાપછી **"અત્રાદ્ય અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે મમોપાત્ત-દુરિતક્ષયદ્વારા શ્રીપરમેશ્વરપ્રીત્યર્થં શ્રીસૂર્યોપાસન મહં ક-રિષ્યે"** એમ બોલી સંકલ્પ કરવો. ત્યારપછી ઉભાં થઇ નીચેનો મંત્ર ત્રણવાર બોલી શ્રીસૂર્યનારાયણને પાણીના ત્રણ અર્ઘ્યં આંપવાઃ—

"નમોસ્તુ સૂર્યાય સહસ્રભાનવે,
નમોસ્તુ વૈશ્વાનરજાતવેદસે;
ત્વમેવ ચાર્ઘ્યં પ્રતિગૃહ્ણદેવ,
દેવાધિદેવાય નમો નમસ્તે."

એ પ્રમાણે અર્ઘ્યં આપી તે અર્ઘ્યના જલનો બે આંખોએ સ્પર્શ કરવો.

પછી **"નમો ભગવતે શ્રીસૂર્યાય"** એ મંત્રનો એકસો ને આઠ વાર અથવા યથાશક્તિ જપ કરવો. પછી શ્રીસૂર્યનારાયણને બે હાથ જોડી નમસ્કાર કરવા.

તે પછી **"અનેન શ્રીસૂર્યોપાસન કર્મણા શ્રીભગવાન્ પરમેશ્વરઃ પ્રીયતાં ન મમ"** એમ બોલી નીચે જલ મૂકી શ્રીસૂ-ર્યોપાસન સમાપ્ત કરવું.

ત્યાર પછી પોતાનો પતિ, સદ્‌ગુરુ, દેવ, બ્રાહ્મણ અને પોતાનાં સાસુ–સસરો તથા ઘરમાં જે કોઇ વૃદ્ધ હોય તેમને બે હાથ જોડી ભૂમિપર મૂકી, તે પર માથું રહે તેમ નમી પગે લાગવું; કે જેથી એ પ્રમાણે નિત્ય અભિવાદન કરવાથી આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બલની વૃદ્ધિ થાય છે.

જપયજ્ઞ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે ફલને આપનાર તથા

દારિદ્ર્ય, દુઃખ, શોક, રોગ અને ભયને મટાડનાર જપયજ્ઞનું સધવા કે વિધવા સ્ત્રીએ શ્રદ્ધાપૂર્વક નિત્ય અનુષ્ઠાન કરવું. ધર્મશાસ્ત્રમાં મહર્ષિઓએ જપયજ્ઞનું મહાત્મ્ય બહુ બહુ પ્રકારે સૂચવ્યું છે, માટે તેની સિદ્ધિસારુ સુજ્ઞ સ્ત્રિઓએ નિત્ય અર્થની સમજ સાથે શ્રીમદ્ભગવદ્ગીતા*, શ્રીવિષ્ણુસહસ્રનામ, કે શ્રીશિવમહિમ્ન સ્તોત્ર આદિનો અનુકૂલતા પ્રમાણે પાઠ કરવો. સૌભાગ્યવતી સ્ત્રિઓએ વિશેષમાં સતીગીતાનો અર્થના મનનસાથે પાઠ કરવો; ને તે ન બને તો શ્રીઈશ્વરના નામનું ઉચ્ચારણ કરવું અથવા "**શ્રીશિવાય નમઃ**" એ પંચાક્ષરમંત્રનો યથાશક્તિ જપ કરવો.

શિવપૂજન.

આગળ બતાવ્યા પ્રમાણે બેસી આચમન–પ્રાણાયામ કરી "**અત્રાદ્ય અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે શ્રીશિવપૂજનમહં કરિષ્યે**" એમ બોલી સંકલ્પ કરી "**શ્રીશિવાય નમઃ**" એ મંત્ર ભણી શ્રીશંકરને સ્નાન કરાવી એનોએ મંત્ર ભણીને અનુક્રમે ચંદન, પુષ્પ (ફૂલ), ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરવાં. પછી પાન–સોપારી ને દક્ષિણા અર્પણ કરી "**શ્રીશિવાય નમઃ**" એ મંત્ર ભણી દશ કિંવા એક માળા ફેરવવી; કદાપિ તેટલું પણ ન બની શકે તો દશવાર મંત્રનો જપ કરી, નીચે પ્રમાણે બોલી જલ મૂકવું.

અનેન શિવપૂજનકર્મણા શ્રીસદાશિવઃ પ્રીયતાં ન મમ.

નિત્યદાન.

આ લોક ને પરલોકમાં કરેલા દાન–પુણ્યનું ફલજ સુખરૂપે

* પૂજ્યપાદ મહારાજ શ્રીમનંથુરામ શર્મા પ્રણીત શ્રીસરલાટીકાવાળી ભગવદ્ગીતા સ્ત્રિઓને નિત્યપાઠ કરવામાં વિશેષ ઉપયોગી છે.

પ્રાપ્ત થાય છે, માટે ધર્મશીલ સ્ત્રિઓએ પ્રતિદિન પોતાના ઘરની સં- પત્તિ અનુસાર દ્રવ્ય, વસ્ત્ર, અન્ન, ફુલ કે જલ આદિનું દાન કરવાનો નિત્ય નિયમ રાખવો, કારણ કે દાન ન કરવાથી દારિ-દ્યાદિ દુઃખોને પ્રાપ્ત થઇ અંતે અસદ્ગતિ પામવી પડે છે, માટે પ્રત્યેક ગૃહસ્થ સ્ત્રીએ એકે દિવસ દાન આપ્યા વિના રહેવું નહિ.

બીજો પહોર.

એ રીતે પ્રાતઃકાલના નિત્યનિયમથી પરવારી બીજા પુહોરમાં પૂજાનાં, હોમનાં, રાંધવાનાં, બહાર વાપરવાનાં, પાણી ભરી લાવવા- નાં અને જલ ભરી મૂકવાનાં જે જે પાત્રો હોય તે તે સઘળાં માંજી -ઉટકી-સ્વચ્છ કરવાં. શુદ્ધ જલ જાડા વસ્ત્રના ગરણાથી ગાળીને ભરવું. પછી નિત્ય ન બને તો પૂનેમ, અમાંસ, રવિવાર, ઉત્તરાયણ કે બીજા કોઇ પર્વ—ઉત્સાહના દિવસો હોય ત્યારે તથા જનોઇ કે વિવાહાદિ માંગલિક પ્રસંગના દિવસોમાં સુવાસિની સ્ત્રિઓએ ઘરના ઉંબરા આગળ તથા આંગણામાં છાણ—માટીથી લિંપી રંગની વેલો કાઢી, અગરબતી ગુગળ કિંવા કોઇ સુવાસિત વસ્તુનો ધુપ કરવો; કે જેથી તે ઘરમાં આધિ—વ્યાધિનો ઉપદ્રવ થતો નથી ને લક્ષ્મી તેમાં નિરંતર વાસ કરીને રહે છે. પછી રસોઇ કરવા સારુ વિ- ણી—ઝાટકી—સ્વચ્છ કરેલું અન્ન, બલતણ, પાણી તથા બીજાં જોઇતાં સાધન સામગ્રીઆદિ આગળથીજ પોતાની પાસે લઇને રસોઈ કરવાના કામમાં પ્રવૃત્ત થવું. સ્થિરચિત્તે સાવધાનતા પૂર્વક રસોઇ કરવી. રસોઇમાં સ્વાદ આવવો એ રસોઇ કરનારના હાથમાં છે. તાપ સાધારણ રાખવો; બહુ થોડો નહિ તેમ વધારે પણ નહિ. ઘરનાં માણસોના આરોગ્ય તથા જીવનનો આધાર તે રસોઇ પર છે

એ રસોઇ કરનારે સ્મરણમાં રાખવું. રંધાતા કે રંધાઇ ગયેલા પાકનાં વાસણ ઉઘાડાં રાખવાં નહિ. રસોઇ કરતાં ખરી અગત્યવિના વારંવાર બહાર જવું કે સ્પર્શ ન કરવાયોગ્ય પ્રાણી–પદાર્થનો સ્પર્શ કરવો નહિ. મસોતાં ધોયેલાં વાપરવાં,ને રસોઇ કરતાં અકળાવું કે ઉતાવળાં થવું નહિ.

સુવાસિની સ્ત્રિઓનું વિશેષ કર્તવ્ય.

ઉત્સાહ પૂર્વક સાવધાનપણે રસોઇ કરી રહ્યા પછી પોતાના સ્વામીને જમવા બેસવા સારુ પાટલો ગોઠવી, જમણા પડખે ઉપપાત્ર (પવાલું) સહિત મોટું જલપાત્ર મૂકી, રંધાયેલી સામગ્રી સ્વચ્છ સુશોભિત પાત્રમાં પીરસવી. પીરસવાનો વિધિ આ પ્રમાણે છે:—શાક, અથાણું ને ચટણી આદિ વ્યંજન પદાર્થો પાત્રમાં જમનારના જમણા હાથ ભણી રહે તેમ; ને પૂરી, રોટલી, લાડુ, કંસાર અને શિરો તથા બીજાં પકવાન્ન આદિ ભક્ષ્ય–ભોજ્ય પદાર્થો ડાબા હાથભણી રહે તેમ મૂકવાં; ને ભાત પાત્રની મધ્યે મૂકવો. તેમજ દાળ, કઢી, દૂધપાક, શીખંડ, રસ, અને ઘી વગેરે લેહ્ય પદાર્થો પણ જમણા હાથભણી મૂકવાં. તેપછી "**નમઃ કાંતાય સર્વદેવાશ્રયાય**" એ મંત્ર બોલી સૌભાગ્યવતીએ પોતાના પતિનું ચંદન, અક્ષત અને પુષ્પથી પૂજન કરવું.

રસોઇ કરી રહ્યાપછી જો પોતાના ઘરમાં કોઇ વૈશ્વદેવ કરનાર ન હોય તો જે અગ્નિથી પાક (રસોઇ) થયો હોય તે અગ્નિ વૈશ્વદેવના કુંડમાં કે બીજા કોઇ પાત્રમાં લઇ, ઘીવાળા ભાતની અથવા ભાત ન કર્યો હોય તો કાચા ચોખા પાણીથી ધોઇ ઘીવાળા કરી તેની "**અગ્નયે નમઃ। વાયવે નમઃ। સૂર્યાય નમઃ। પ્રજાપતયે નમઃ। અગ્નયે સ્વિષ્ટકૃતે નમઃ।**" એ પાંચ મંત્રો ભણી, તે અગ્નિમાં પાંચ આહુતિઓ આપવી. અને ત્યાર પછી એ રંધાયેલા

અન્નમાંથી ગોગ્રાસ (ગાયનો ભાગ), શ્વાનગ્રાસ (કૂતરાનો ભાગ) અને વાયસબલિ (કાગડાનો ભાગ) કાઢી, તે સમયે કોઈ ક્ષુધાર્ત (ભૂખથી પીડાતો) અતિથી—અભ્યાગત આવી મળે તો તેને ઉત્સાહપૂર્વક જમાડવો. જો તે અભ્યાગતને પોતાનું રાંધેલું અન્ન ખપે તેમ ન હોય તો તેને કોરું અન્ન આપવું.

ભોજનવિધિ.

પીરસાએલા પાત્રને જરા જલથી પ્રોક્ષણ કરી તેમાંથી "ભૂપતયે નમઃ। ભુવનપતયે નમઃ। ભૂતાનાં પતયે નમઃ। એ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર થોડું થોડું અન્ન ભોજનપાત્રની બહાર મૂકી, એકવાર આચમન કરી, આંખોએ જલનો સ્પર્શ કરી સ્થિરતાથી જમવું.

ત્રીજો પહોર.

ભોજન કરયા પછી એઠાં—અજીઠાં—વાસણ તથા જલપાત્ર આદિ માંજી, ભોજન કરાયેલા સ્થલને તથા ચૂલાને લિંપી શુદ્ધ કરી, દિવસનાં જે જે અગત્યનાં કામો હોય તે તે સંભારીને કરી લેવાં, ને તે પછી નિશ્ચિંત થઇ પ્રીતિપૂર્વક ઘણા ઉત્સાહથી પોતાને જેમાંથી સદ્બોધ મળે એવાં પુસ્તકો જેવાં કે શ્રીયોગવાસિષ્ઠ-મહારામાયણ, શ્રીવાલ્મીકિરામાયણ, મણિરત્નમાલા, ભામિનીભૂષણ, સાવિત્રીચરિત્ર કિંવા બીજાં સતીઓનાં ચરિત્રો તથા મહાનુભાવ પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માપ્રણીત શ્રીમદ્ભગવદ્ગીતાની સરલા તથા રહસ્યપ્રદીપિકા ટીકા, સદુપદેશદિવાકર, સુબોધકલ્પલતા, સ્વાભાવિકધર્મ, મનુષ્યમિત્ર, પ્રશ્નોત્તરરૂપેવિવિધઉપદેશ, યોગકૌસ્તુભ, પરમપદબોધિની, અને શ્રીઉપદેશગ્રંથાવલીના સમગ્ર અંકો તેમજ તેથી જો

પોતાની બુદ્ધિ વિશેષ સૂક્ષ્મ હોય તો શ્રીપાતંજલયોગદર્શન, શ્રીવેદાંતદર્શન, તથા શ્રીસાંખ્યદર્શન, અને શ્રીઉપનિષદો ઇત્યાદિ પુસ્તકો નિત્ય નિયમ રાખીને લક્ષપૂર્વક વાંચવાં. વિષયવાસના વધારનારા શૃંગારી ગ્રંથો કદીપણ વાંચવા નહિ.

ચોથો પહોરે તથા સાયંકાલનું કર્તવ્ય.

દિવસના ચોથા પહોરમાં ઘરમાં રહેલાં વસ્ત્રો તથા વાસણ વગેરેની યોગ્ય વ્યવસ્થા કરવી. સાયંકાલ થતાં સત્વર પવિત્ર થઇ, ઘીનો દીવો કરી "**દીપો જ્યોતિઃ પરબ્રહ્મ, દીપો જ્યોતિર્જનાર્દનઃ; દીપો હરતુ મે પાપં, સંધ્યાદીપ નમોસ્તુતે**" એ મંત્ર બોલી, દીવાની પ્રાર્થના કરી નમસ્કાર કરવો. ને તે પછી ઘરમાં જોઇતા પ્રકાશ માટે તેલ આદિના બીજા દીવા કરવા. તે પછી આચમન–પ્રાણાયામ કરી "**શ્રીશિવાય નમઃ।**" એ મંત્રનો અવકાશ પ્રમાણે જપ કરવો. દીવો દક્ષિણદિશા ભણીના મુખે મૂકવો નહિ.

રાત્રિનું કર્તવ્ય.

રાત્રિએ પહેલા પહોરમાં જ ભોજન થઈ જાય તેમ કરવું; ને એઠાં વાસણ તુરત માંજી નાંખવાં, પણ વાસી રહેવા દેવાં નહિ. તે પછી સ્વચ્છ સ્થલે ઉત્તરદિશા વિના બીજી ગમે તે દિશાભણીના ઓસીકાએ સુઈ રહેવામાટે પલંગ કે પથારી પાથરી તૈયાર કરવાં. ને તેની પાસે જલપાત્ર તથા પ્રાતઃકાલમાં ઉઠી તુરત દર્શન કરવામાટે પોતાના સ્વામી, સદ્ગુરુ કે ઈશ્વરની છબી અને અનુકૂલતા હોય તો યોગ્ય સ્થલે બળતો દીવો રાખી, રાત્રિના બીજા પહોરમાં રાગદ્વેષમાં ગુંથાયેલા પોતાના ચિત્તને પતિસેવાથી શાંત કરી પવિત્ર થઇ, પરમાત્મારૂપ પતિનું સ્મરણ કરતાં નિદ્રાવશ થવું. [વિધવાએ શ્રીપર-

માત્માનું ભજન-કીર્તન કે સ્મરણ-ધ્યાન કરી, શ્રીઈશ્વરનું નામ સ્મરણ કરતાં નિદ્રાવશ થવું.)

કુમારિકાઓના ધર્મ.*

કુમારિકાઓએ પોતાને જન્મ આપનાર તથા ઘણા કષ્ટે પાળી-પોષી ઉછેરી મોટાં કરી વિદ્યા, વિવેક, વિચાર અને વ્યવહારી જ્ઞાનનું

* પુત્રીઓનાં માતા-પિતાને અગત્યની સૂચના.

પોતાની પુત્રપ્રજા અને પુત્રીપ્રજા એ બેમાં સમવિષમ ભાવ ન રાખતાં બન્નેપર સમાન ભાવ રાખવો એ સુજ્ઞ માતા-પિતાનું કર્તવ્ય છે, કારણ કે જે માર્ગેથી પોતાના પ્રિય પુત્રો સંબંધમાં આવ્યા છે તે જ માર્ગેથી પુત્રીઓ પણ આવી છે: કાંઇ તેમનું નિરાલંબ આકાશમાંથી પતન થયું નથી કે નિરાધાર રખડતી માર્ગમાંથી આવી મળીઓ નથી, માટે જ શાસ્ત્રકર્તાઓએ તેમની સંજ્ઞા સૂતા, અંગજા અને તનયા આદિ નામોથી રાખી સમભાવ રાખવાનું સૂચન કર્યું છે. માટે તેમને લહેણદાર, પાપ, પથ્થર અને દુ:ખની સમતુલ ન ગણતાં જેવો પ્રેમ સ્નેહ અને અંતરની લાગણી પુત્રોપર રખાય છે, તેવો જ પ્રેમ-સ્નેહ અને માયાળુ લાગણી પુત્રીઓપર પણ રાખી તેમનું પોતાની શક્તિ-સંપત્તિ અનુસાર પાલન-પોષણ કરી, ઉત્સાહપૂર્વક વિદ્યા, વિવેક, વિનય તથા આવશ્યક ઉપયોગી વ્યવહારી જ્ઞાન અને ધર્મ-નીતિના જ્ઞાનમાં પ્રવીણ કરી, તેમને સર્વ પ્રકારની યોગ્યતા વાળા પાત્ર વરને પરણાવી ભાવી સુખમાં સ્થાપવી જોઇએ.

પાંચ વર્ષ સુધીનાં બાલકોનાં અંત:કરણ-ઇન્દ્રિયોનો પૂરો વિકાસ થયેલો ન હોવાથી, તેમને કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન આપવું અશક્ય હોવાથી, તેમ જ તેમની શારીરચેષ્ટા રાગદ્વેષ વિનાની માત્ર યંત્રવત્ હોવાથી, તેમનાથી થતી અશુભ ક્રિયાનું પણ તેમને પાપ લાગતું નથી; અને પાંચ વર્ષ પછી દશ વર્ષ સુધીમાં તેમનો તે વિકાસ પૂરતો થઈ જવાથી તેમને શુભ-અશુભ, પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ, તથા કર્તવ્ય-અકર્તવ્ય કેટલેક

શિક્ષણ આપી, નિરંતર ભલું ઇચ્છનાર માતા–પિતાવિષે ઘણા પ્રેમથી પૂજ્યભાવ રાખી, ક્યારે પણ તેમની આજ્ઞા ભંગ ન કરતાં પોતાનાથી બનતી સેવા કરવી. તથા તેમને પોતાના કામ–કાજ અને વર્તનથી સંતોષ આપવો; પણ તેઓ દૂભાય તેવું કદાપિ કરવું નહિ. નિત્ય પ્રાત:કાલ થતા પહેલાં ઉઠવું; ને આંખો તથા મોં ધોઇ, ઝાડેજંગલ

અંશે સમજાવી, તેમની નિષિદ્ધ પ્રવૃત્તિ માતા–પિતાથી અટકાવી શકાય છે માટે તેમનાથી થતું પાપ માતા–પિતાના શિર છે; ને તે પછીના વયમાં તે જે કરે છે તેમાં માતા–પિતા દોષવાન્ ન હોવાથી તે પાપ તેના પોતાના શિર છે; એમ ધર્મશાસ્ત્રમાં સૂચવ્યું છે. માટે બાલકોને તો નાન. પણમાં તેમની બાલભાષામાંથી જ સંસારના વ્યવહારીજ્ઞાન સાથે થોડું થોડું ધર્મ–નીતિનું શિક્ષણ પણ અવશ્ય આપવું જોઇએ. કારણ કે તેમના તુરતમાં વિકાસ પામેલા કુમળા અંત:કરણમાં પડેલા ધર્મ–નીતિના સંસ્કારને નિર્બીજ થવાનો સંભવ આવતો નથી. પણ તેની સાથે માતા–પિતાએ એ પણ લક્ષ્ય રાખવાનું છે કે તેના તે નિર્મલ હૃદયમાં કોઇ હીન મનુષ્યના સહવાસથી કે દુર્ગુણી બાલકોના સંગથી કોઇ પણ દુર્વ્યસન, આલસ્ય, કુટેવ કે કોઈ પ્રકારના દુર્ગુણો પ્રવેશ કરવા પામે નહિ. જો માતા–પિતાએ તેમાં ભૂલ કરી ને તેનામાં કોઈ દુર્ગુણો પેઠા, તો દિવસે દિવસે શરીર વૃદ્ધિ પામતાં તે પણ વધવાના, ને પછી તે નિવૃત્ત કરવા પણ બહુ અશક્ય જેવા થઈ પડવાના.

આ સ્થલે કોઇ કહે કે બાલકોને ધર્મ–નીતિના શિક્ષણની અગત્ય નથી; તે તો તેમને યોગ્ય વયે આપવાનું છે ને હમણાં તો માત્ર વ્યવહારજ્ઞાનની જ આવશ્યકતા છે. તો તે કથન કેવલ અવિચારનું છે કારણ કે જેવું લીલુ કાષ્ઠ સુગમતાથી વાળી શકાય છે, તેવું સૂકુ વાળી શકાતું નથી. માટે જ્યાં સુધી તેમને યુવાવસ્થા પ્રાપ્ત થઈ નથી, સસારના વિષયભોગમાં તેમની ઇંદ્રિઓ પૂરે પૂરી નિપુણ બની નથી, ત્યાં સુધીમાં તેમને શિલ (બ્રહ્મચર્ય), સદાચાર, વિનય, વિવેક, સદ્દવિચાર અને સ્વ-

જઇ આવી દાતણ કરીને નહાવું. ટાઢની ઋતુમાં પણ કોઈ દિવસ નાહાવામાં આલસ્ય કરવું નહિ. કેશ (વાળ) જૂઓ પડે એવા મેલા નહિ રાખતાં નિત્ય ઓળી-ચોળી સ્વચ્છ રાખવા. લૂગડાં મેલાં તથા પરસેવાથી ગંધાતાં નહિ રાખતાં ચોખ્ખાં રાખવાં. પ્રતિદિન નહાયા પછી સૂર્યનારાયણને, ઘરમાં અગ્નિ હોય તો અગ્નિનારાયણને અને દેવ હોય તો દેવને પ્રણામ (નીચે બેસી, બે હાથ જોડી ભૂમિ પર રાખી, તે પર માથું મૂકી પગે લાગવું તે.) કરી, માતા-પિતાને, ઘરમાં બીજાં કોઇ વૃદ્ધ હોય તો તેમને, અને મોટાં ભાઇ ભોજાઇ અને મોટી બેનને પ્રણામ કરવો. પોતાને ઘેર માતા-પિતાના પૂજ્ય ગુરુ કે કોઇ પવિત્ર સંત સાધુ અથવા બ્રાહ્મણ આવે તો તેમને પણ પ્રણામ કરવો. તે પછી પોતાની માતાને પૂછી ઘરમાં સંજવારી કાઢવાનું. વાસણ માંજવાનું, દાળ-ચોખા વિણવાનું, લોટ ચાળવાનું કે પાણી ગાળવાનું, જે જે ઘરનાં અગત્યનાં કામ પોતાનાથી બને એવાં હોય તે સાવધાનીથી કરવાં. ને જે કામ પો-

---

ધર્મનું મહાત્મ્ય બતાવી દેવામાં આવે તો પછી તેઓના તે ગુણો યુવાવસ્થામાં પરિપક્વ થઇ એવા ખીલી નિકળે છે કે જેથી તેઓને અધર્મ અનાચારને માર્ગે દોરાવાનો ક્યારે પણ સંભવ આવતો નથી. ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવ તથા સીતા સાવિત્રી આદિ નાનપણથી જ ધર્મજ્ઞ હતાં. માટે બાલ્ય વયમાંથી જ તેમનું વલન જે તે રીતે સ્વધર્મપ્રતિ થાય એવો યત્ન પોતાનાં બાલકો માટે માતા-પિતાએ નિરંતર સેવવો જોઇએ.

સુજ્ઞ પુરુષો બાલકોના વર્તન ઉપરથી જ તેમનાં માતા-પિતાના વિનય-વિવેક અને આચાર-વિચારની પરીક્ષા કરે છે. માટે પ્રત્યેક માતા-પિતાએ આ કુમારિકાઓના ધર્મનો ટુંકો લેખ વાંચીને પોતાની બુદ્ધિ-શક્તિ અનુસાર વિસ્તારથી સમજી પોતાની પુત્રીઓને તેમના અંતરમાં જેમ સારી રીતે ઠસી શકે તેવી રીતે તેમને સમજાવવો.

તાને ન આવડતું હોય તે કામ શિખવાનો ઉત્સાહ રાખી બતાવ્યા પ્રમાણે ચિત્ત રાખીને કરવું. રસોઇનું કામ પણ થોડું થોડું પોતાની માતાની અથવા રસોઇ કરનારની પાસે બેસી ઉત્સાહ રાખી શિખતાં રહેવું. ને પોતાને આવડેલું રસોઇનું કામ કરવાનો જ્યારે પ્રસંગ આવે ત્યારે ધીરે રહી સાવચેતી રાખી, પહેરેલું લૂગડુ સંકોરી, શ-રીરે દઝાય નહિ ને રાંધવાની વસ્તુ દાઝી કે બળી જાય નહિ તેમજ તે કાચી કે પાણીપોચી રહે નહિ તથા તેમાં મીઠું, મરચું, હળદર આદિ મશાલો જોઇતો જ પડે પણ વધુ ઓછો પડે નહિ, એમ લક્ષ રાખીને રસોઇનું કામ કરવું. જેમાં પોતાને સમજણ ન પડે તેમાં આગવું ડહાપણ ન કરતાં પોતાની મા કે કોઇ વડિલને પૂછીને કરવું. જે બાલકીઓ નાનપણમાં આલસુ થઇ ઘરના કામકાજમાં ને રસોઇના કામમાં અણશિખાઉ રહે છે તે મોટપણમાં બહુ દુખી થાય છે; ને જે તે કામમાં કુશલ હોય છે તે સૌને વહાલાં થઇ માન પામેછે. ડાહી કન્યાઓએ રીસાળ કે રોતડ સ્વભાવ રાખવો નહિ. જમવામાં ભૂખ જેટલું જમવું; પણ સ્વાદિઆ પદાર્થો હોય ત્યારે બહુ ખવાય ને સ્વાદવિનાનાં હોય ત્યારે ભૂખ્યાં રહેવાય એવી કુટેવ રાખવી નહિ. પોતાના ઘરમાં જે રંધાયું હોય તે જ નિરાંતે બેસી ભૂખ પ્રમાણે જમવું; પણ તે પછી આખો દિવસ જે હોય તે કાચું કોરું બૂકવાની ટેવ ન રાખવી. કેમ કે તેથી શરીર બગડે છે. બહુ ખાટા બહુ ઊના બહુ તીખા બહુ ગરમ અને ન પચે એવા પદાર્થો ખાવા નહિ. કારણ કે તેથી અજીર્ણ, ઉધરસ, તાવ, સલેખમ, ખસ, આંખો આવવી કે માથું દુઃખવું ઇત્યાદિ રોગો થવાથી દુખી થવું પડે છે. સારું સારું ખાવાની, લાલચુપણાની, ઘરમાંથી છાનુમાનું ચોરી ખાવાની, કે એકલું ખાવાની કુટેવો પણ રાખવી નહિ. મા-

તા-પિતા જે કાંઇ ખાવાપિવાની કે ઓઢવા પહેરવાની વસ્તુ પ્રેમથી આપે તેમાં ઓછું વધતું માની રીસાવું નહિ. ઘરના માણસો જમી રહ્યા પછી એઠું અબોટ કાઢવાના કામમાં પણ પોતાની માને બને તેટલી મદદ આપવી. કુમારિકાઓએ કોઇ સદાચરણી શાંત અને ધર્મિષ્ટ સ્ત્રીશિક્ષક અથવા તેવા જ કોઇ વૃદ્ધ પુરુષશિક્ષક પાસેથી દેશભાષા(ગુજરાતી)નું, ધર્મભાષા(સંસ્કૃત)નું અને બની શકે તો રાજભાષા(ઇંગ્રેજી)નું ઉપયોગ જેટલું ગ્નાન અવશ્ય મેળવવું; અને તેની સાથે ભરવાની, શિવવાની, ગુંથવાની અને ચિત્રની કળાઓ પણ શિખવી જોઇએ. તેમજ આરોગ્યના (શરીર નીરોગી રાખવા-ના) નિયમો પણ સારી પેઠે જાણવા જોઇએ. એ રીતે કુમારિકાઓને વિદ્યા કળાઓના ગ્નાન સાથે સાધારણ ધર્મ-નીતિનું ગ્નાન પણ અવશ્ય મેળવવાનું છે. પોતાનો ને પારકો સૌનો જીવ સરખો જાણી કોઈ નાના મોટા પ્રાણીને દુ:ખ દેવું કે મારવું નહિ. જેવું દીઠું કે સાંભળ્યું હોય તેવું જ વધઘટ કરયા વિના સાચું બોલવું. વિના ખપે બહુ બોલવાની; તોછડા કે ભુંડા શબ્દો બોલવાની, બહુ ઘાંટા કાઢી કે છ-ણકા-છાકોટા કરી બોલવાની અને ચાડી ખાવાની ટેવ રાખવી નહિ; પણ ખપ જેટલું જ નરમાશથી મીઠી વાણીમાં બોલવાની ટેવ પા-ડવી. હલકી વસ્તુની પણ ચોરી કરવી નહિ. નિરંતર પવિત્ર રહેવું. જ્યાં ખેલ-તમાસા કે ભવાઈ થતી હોય તથા જ્યાં છોકરાઓ રમ-તા-ગાતા કે હસતા-બોલતા હોય ત્યાં જવું બેસવું કે ઉભાં પણ ર-હેવું નહિ. નદી તળાવ કે વાવ-કૂવાપર એકલાં જવું નહિ; ને જવું પડે તો શરીર સંભાળવાનું ભૂલવું નહિ. પોતાના જેવડી જે બાલાઓ હોય તેમની સાથે બેસવું રમવું ભણવું કે ગાવું; પણ તેવો પ્રસંગ છોકરાઓ સાથે પાડવો નહિ. જે કન્યા ઉંચા કૂલની, ઉંચી જાતની,

તેમાં પણ કાહી, શાંત સ્વભાવની, સારા ગુણવાળી, સારી આવડચવાળી, સારી સમજણવાળી ને સારી ચાલની હોય તેની સાથે જ સંગ કરવો તથા બેનપણું બાંધવું. પણ જે નીચી જાતની, ઉદ્ધત, ઉછાંછળી, વઢકારી, આલસુ, નિર્લજ્જ, દુરાચારી અને દુર્ગુણી હોય તેનો સંગ કે બેનપણું રાખવું નહિ. કુમારિકાઓને કરવાયોગ્ય જે જે વ્રતો ગૌરીપૂજા (ગોરો), ગાયવ્રત, તુલસીવ્રત, ચાંલ્લાવ્રત, રવિવાર કે સોમવારનું વ્રત તથા શિવપાર્વતીનું વ્રત હોય તે તે પોતાના દેશાચાર કે કુલાચાર પ્રમાણે માતા–પિતા તથા ઘરના કોઇ વડિલની આજ્ઞા લઇને કર[illegible]. ગોરોના દિવસોમાં કેટલીક અણસમજુ છોડીઓ ભેગી થઇ નિર્લજ્જ પણે ન બોલાય એવા ભુંડા શબ્દો બોલે છે, કૂટે છે, ને ફટાણાં ગાય છે, જેથી આવા નીચ કૃત્યથી તેમના ગોરોના વ્રતના પુણ્ય કરતાં પાપ બહુ વધી જાય છે તેથી ગૌરીમાતા પણ તે પાપી અને દુષ્ટ કન્યાઓ ઉપર બહુ કોપ પામી, તેમના પાપ કર્મનું ફલ આપી તેમને બહુ દુઃખી કરે છે. માટે ગોરોના તથા બીજા કોઇ વ્રત ઉપવાસના દિવસોમાં તો ટાઢા પાણીએ નહાવું, એક વાર ખાવું, પથારીએ સૂવું, સાચું બોલવું, ને નિયમ પ્રમાણે સાંજ સવાર પવિત્ર થઇ વ્રતના દેવનું પૂજન કરવું. તથા પોતાની સારી આચરણવાળી બેનપણીઓ સાથે શ્રીશંકર, શ્રીવિષ્ણુ, શ્રીસૂર્ય, શ્રીગણપતિ તથા શ્રીલક્ષ્મી, શ્રીસરસ્વતી અને શ્રીપાર્વતીજીની સ્તુતિનાં અથવા પવિત્ર સતીઓનાં ચરિત્રોની ગરબીઓ કે કીર્તનો ગાવાં. કિંવા સારાં ધર્મનીતિનાં પુસ્તકો વાંચવાં. પહેરવા ઓઢવામાં બહુ સાદાઇ રાખવી; પણ સારાં સારાં ઘરેણાં કે નવ નવાં લૂગડાં પહેરવાનું મન ન કરવું. કારણ કે તમે જેવાં સારાં ઘરેણાં લૂગડાં પહેરવાથી નહિ શોભો તેવાં તમારા સારા ગુણ અને ડહાપણથી શોભશો. માટે

બેનો ? જો તમારે સુખી થવું હોય તો જ્યાં ત્યાંથી સારા ગુણ અને શાણપણ શિખજો.

ઉંચા કુલની વહુઓના ધર્મ.

નવોઢા, પ્રૌઢા તથા સર્વ સૌભાગ્યવતીઓએ સમજવું જોઇએ કે, આ સ્ત્રીશરીરપર પ્રથમ કુમારિકાસ્થિતિમાં શરીરને જન્મ આપનાર માતા–પિતાના મમત્વનો અધિકાર હોવાથી તેમના સ્વાધિનમાં રહેવાનું હતું; તે તેમણે હવે તે જ આ શરીરને લગ્નવેલાએ હસ્તમેલાપ કરતાં જમણો હાથ લઇ પતિના જમણા હાથમાં મૂકી કન્યાદાન કરી, પોતાના મમત્વનો અધિકાર ઉતારી સગાં–સંબંધી અને જ્ઞાતિ તથા અગ્નિ આદિ દેવોની સાક્ષીએ પતિના સ્વામિત્વનો (ધણીપણાનો) અધિકાર સિદ્ધ કરી આપ્યો છેઃ તેથી હવે માતા–પિતાનો અધિકાર મટી પતિનો થયેલો છે, માટે નિરંતર્ તેમનાં જ વશવર્તી થઇ રહેવું. શરીર સ્વામીનું, ને શરીર સાથે તેને પ્રેરનારું મન પણ સ્વામીનું, તેમ જ તે શરીરના નિમિત્તથી પોતાને આવી મળેલાં વસ્ત્રાલંકાર અને ધન પણ સ્વામીનાં છે; એ અહર્નિશ સ્મરણમાં રાખી તન–મન અને ધનથી તેઓ પોતાના ઉપર નિરંતર્ પ્રસન્ન રહે એવું કર્તવ્ય-કુલિન્ વધૂઓનું છે. સ્ત્રિઓએ પરણ્યા પછી પિતાનું ઘર એ પરઘર અને પતિનું ઘર એ જ પોતાનું ઘર જાણવું. શીતલ કીરણો અને ઉજ્વલ પ્રકાશથી લોકોના નેત્ર તથા શરીરને આનંદ આપનાર ચંદ્ર પણ જેવો રાત્રિરૂપ પોતાના ઘરમાં શોભે છે તેવો તે દિવસે સૂર્યના પરઘરમાં રહી દેખાતો છતાં શોભતો નથી; તેમ પરણેલી સ્ત્રી જેવી પોતાના સાસરામાં રહીને શોભેછે તેવી તે ગુણના ભંડારરૂપ હોય તો પણ પીયર કે મોસાળમાં રહેવાથી શોભતી નથી.

સ્થાન ભ્રષ્ટ થયેલો રાજા-પ્રધાન કે કોઇ અધિકારી તથા બ્રાહ્મણ, મેધ, દાંત, કેશ (વાળ) અને નખ, જેમ શોભતા નથી તેમ કુલિન સ્ત્રી પણ પતિના ઘરરૂપ સ્થાનથી ભ્રષ્ટ થઇને બાપ, ભાઇ કે મામાના ઘેર રહેવાથી શોભતી નથી. સહસ્ત્ર સદ્‌ગુણો હોય, પરંતુ પતિવિમુખતા (પતિથી અણબનાવ)નો એક જ અવગુણ સ્ત્રીમાં હોય તો તેના સહસ્ત્ર ગુણો પણ કેવલ દોષરૂપ મનાય છે; પરંતુ સહસ્ત્ર દોષો હોય ને પતિસેવાનો માત્ર એક જ ગુણ જો તેનામાં હોય તો તે સહસ્ત્ર દોષો ને ડાહ્યા માણસો ગુણરૂપ ગણે છે. માટે ક્યારે પણ પોતાનો સ્વામી અસંતુષ્ટ થાય એવું આચરણ સ્ત્રીએ કરવું નહિ. લગ્નક્રિયામાં સપ્તપદીના પૂજનસમયે વર-કન્યા સામ સામી સાત પ્રતિજ્ઞાઓ કરેછે તેમાં કન્યાની સાત પ્રતિજ્ઞાઓ આ પ્રમાણેછે.

કન્યા વરને કહે છે કે-સ્વામી ! મેં આ મોટું સૌભાગ્ય આપનાથી મેળવ્યું છે. ૧ [માટે] આપ જે રળી લાવશો, તેમાં હું [ઘરનો નિર્વાહ કરી] સંતોષ માનીશ. ૨. [તેમ જ] હું નિત્ય આપની આજ્ઞા પાળીશ. ૩. તથા હું પવિત્ર થઇ સારા શણગાર ધારણ કરી, મન-વચન અને કર્મવડે આપની સાથે રમીશ. ૪. દુઃખમાં ધીરજ રાખનારી ને સુખમાં પ્રસન્ન થનારી હું આપના સુખ [દુઃખ]માં ભાગીયણછું. આપની આજ્ઞાવિના હું કોઇ સ્થલે જઇશ નહિ. ૫. સુખેથી હું આપના ઘરનાં બધાં કામ કરીશ, સાસુ-સસરાની સેવા ને બંધુઓનો સત્કાર કરીશ, અને જ્યાં આપ ત્યાં હું ને હું ત્યાં આપ એમ આપની સાથે એકતાથી વર્તીશ. હું [પ્રતિજ્ઞા ભંગ થઇને] આપને કદાપિ ઠગીશ નહિ, ને આપ પણ મને ઠગશો નહિ. ૬. હું હોમ-યજ્ઞાદિના કામમાં નિત્ય આપને સહાય્ય કરીશ, [તથા ધર્મ, અર્થ અને કામ સંબંધી કાર્યોમાં આપના મનની ઇચ્છા

પ્રમાણે વર્તીશ. ૭. આ મારી પ્રતિજ્ઞાઓના બ્રાહ્મણ, અગ્નિ, દેવ, મારાં માતા–પિતા અને સંબંધી વર્ગ એ સર્વ સાક્ષીરૂપ છે.

ઉપરનાં સાત પ્રતિજ્ઞાવચનોનો નિત્ય પાઠ કરી, સ્મરણમાં રાખી, તેનું પાલન કરવું; પણ કદાપિ પ્રતિજ્ઞાભંગ થવાય એવું આચરણ ગુણવાન્ સ્ત્રિઓએ કરવું નહી.

પતિની પ્રસન્નતામાટે ઘર અને સઘળાં ઘરનાં સાહિત્યો સ્વચ્છ તથા સુશોભિત રાખવાં: ને સ્વામીના સાનિધ્યમાં પોતાનું શરીર પણ શણુગારયુક્ત સુશોભિત રાખી આનંદમાં રહેવું. રીસ, ક્રોધ કે ઉદાસી એ સ્વામીને બતાવવાં નહિ. ઘરમાં અન્ન, વસ્ત્ર, વાસણ કે ઘરેણાં વગેરે જે જે ઉપસ્કર હોય તેની નિત્ય સંભાળ લઇ, ઘટતી વ્યવસ્થા કરવી; પણ તે બગડતાં હોય તો જોઇ રહી એતો મારાથી મોટાં હશે તે કરશે, એવી વાટ જોઇ બગડવા દેવું નહિ. પોતાના માથે જે વડિલ હોય તે કામ કરતાં હોય તો તે જોઈ, પોતે બેસી રહેવું નહિ; પણ તેમાં આગળ પડી તેમની પાસેથી વિનયથી માગણી કરી, તે કામ પોતે ધ્યાન રાખીને કરવું. પરસ્પર સાસુ, નણંદ, દેરાણી કે જેઠાણીમાં કામ માટે ચડસાચડસી કરવી નહિ. પોતાને કામ કદાપિ વધારે કરવું પડે તો સહન કરી લેવું; પરંતુ પોતાની શક્તિ ઉપરાંતનું હોય તો તે કામ બતાવનારને નમ્રતાથી યુક્તિપૂર્વક આજીજીસાથે કહી દેવું. કામ કરવામાં આલસુ સ્ત્રિઓને બેસી રહેવાથી કાંઇ લાભ થતા નથી; પણ જઠરાગ્નિનું મંદપણું, અન્ન પર અરુચિ, શરીરની જડતા ને તેથી મન–ઇંદ્રિયોનું પણ ભારેપણું તથા અપ્રફુલ્લિતપણું ઇત્યાદિ દોષોની વૃદ્ધિ થાય છે. તથા સાસરીઆનાં માણસોમાં પણ તે અળખામણી ગણાયછે. ને જે સ્ત્રી કામકાજ કરવામાં ફૂટી તથા કુશળ હોયછે ને તે જે તે કામમાં આગળ

પડી કામ કરેછે તો તે સાસરીઆનાં સર્વ માણુસોને વહાલી થાય છે, તેના પર સૌ સ્નેહ ભાવ રાખે છે, ને તેની સારી પ્રશંસા કરે છે; એટલું જ નહિ પણ કામ કાજ કરવામાં આવવાથી શરીરમાં વ્યાયામ(અંગકસરત)થી થતા સર્વ લાભો જેવા કે રક્તવાહિનીઓમાં લોહી સારી રીતે ફરી શકવાથી આરોગ્યની વૃદ્ધિ થાય છે, અન્ન ઉપર રુચિ વધેછે તથા જઠરાગ્નિ પ્રદીપ્ત થવાથી આહારનું સારી રીતે પાચન થાય છે, જેથી મન–ઇંદ્રિયોની સ્વસ્થતા વધેછે તેમજ નિદ્રા–તંદ્રા આદિ દોષો નિવૃત્ત થવાથી શરીરની રક્તવાહિનીઓમાં લોહી સારી રીતે ફરી શકવાથી આરોગ્યની વૃદ્ધિ થાયછે, શરીર હલકુ થવાથી ચંચળતા વધેછે, બુદ્ધિ બહુ નિર્મળ થાયછે, ને સ્મરણશક્તિ વધેછે. માટે પોતાને કામ કરવાનું મળતાં તે બતાવનારનો ઉપકાર માની ઉત્સાહથી કરવું.

સંસારમાં સ્ત્રિઓને સર્વ સુખના સ્થાનરૂપ તથા સર્વસ્વરૂપ પોતાનો સ્વામીછે, માટે તે જ તેમને તો પરમપૂજ્ય છે. તે સ્વામીના શરીરને પ્રકટાવનાર, ઘણા વાત્સલ્ય તથા પ્રેમપૂર્વક પાલન–પોષણ કરનાર, તેને ભવિષ્યના સુખમાટે વિદ્યા, વ્યવહાર અને ધર્મજ્ઞાનમાં પ્રવિણ કરનાર તથા કષ્ટે સંપાદન કરેલી ને વહાલામાં વહાલી ધનાદિ વસ્તુઓને પણ પુત્ર કરતાં અધિક નહિ માનનાર, પુત્રના દુઃખે દુઃખી ને સુખે સુખી તથા નિરંતર તેને જોઇ પ્રેમાશ્રુ પાડનાર અને અહર્નિશ પોતાના પુત્રનું શુભ ચિંતન કરનાર, કે જેના બદલામાં જોતાં આખા વિશ્વમાં કોઇ મળે નહિ એવાં પોતાનાં સાસુ અને સસરો તેમના વિષે અત્યંત પૂજ્યભાવ રાખી, પોતાનાં માતા–પિતા તુલ્ય સ્નેહ રાખી તેમને કદાપિ દુભાવા ન દેતાં પ્રસન્ન રાખીને તેમની સેવા કરવી. પતિના શરીર, ચાતુર્ય, વિદ્યા, જ્ઞાન, ઘર અને ધનાદિ અલંકાર આદિથી જે જે સુખો સ્ત્રિઓને મળેછે, તે તે સ-

ધણો તે વૃદ્ધોનો જ પ્રતાપ છે; એમ માની કુલવાન્ માતા-પિતાની પુત્રિઓએ નિર્મલ ભાવે સાસુ-સસરાની યોગ્ય સેવા કરવા ચૂકવું નહિ. કદાપિ તેઓ તામસી, જાડી બુદ્ધિનાં, અણસમજુ, ચીઢીઆ સ્વભાવનાં, અદેખાં, જૂના વિચારનાં, ગ્રામ્ય આચાર-વિચાર તથા વર્તનવાળાં તથા વઢકારાં હોય, તથાપિ, ચતુર સ્ત્રિઓએ તે વૃદ્ધોના દોષો ન જોતાં પોતાના શાણપણથી, વિવેકથી, નમ્રતાથી તથા બુદ્ધિચાતુર્યથી તેમને વશ કરી, વા પ્રથમ તેમના સ્વભાવને મળતાં રહી તેમની પ્રીતિ મેળવી લેવી; કે જેથી તેઓ પોતાને વિરુદ્ધ જણાય નહિ. ચતુર સ્ત્રિઓની ચતુરાઇ, વિદ્યા, ડહાપણ અને સદ્ગુણોની ખરી કસોટી ત્યારે જ થાયછે કે, જ્યારે પારકાં પોતાનાં કરી સાસરીયામાં પોતાનો સમાવેશ કરી શકાય તથા વિરુદ્ધ સ્વભાવનાં શ્વસુરપક્ષનાં સઘળાં માણસોની પોતાનાપર પ્રીતિ મેળવી લેવાય અને સાસરામાં જ પોતાને સ્વર્ગમાન સુખનો અનુભવ થાય. વૃદ્ધોની સેવા કરનારનાં આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બલ એ ચારની વૃદ્ધિ થાયછે, માટે પોતાનાં સાસુ-સસરો કે ધરમાં કોઇ વૃદ્ધ હોય તેમની નિત્ય ઘટતી સેવા કરવી. સાસુ આદિ વૃદ્ધ સ્ત્રીવર્ગની અગત્ય પડે અંગ સેવા વહુઓએ કરવી; ને સસરા આદિ વૃદ્ધ પુરુષ વર્ગની અશક્ત સ્થિતિમાં અંગસેવા પોતાના સ્વામી, જેઠ કે દીયર આદિ પાસે કરાવવી; તથા તે સમયે તેમને જોઇતાં બાહ્ય સાધનો પાસે રહીને પુરાં પાડવાં. વૃદ્ધ પુરુષવર્ગની સેવા બેભાનસ્થિતિમાં અન્ય પુરુષોના અભાવે જાતે પણ કરવી. પગની ઘુંટી ઢંકાય ત્યાં સુધી વસ્ત્ર પહેરવું; એથી ઊંચુ નહિ. કાપડું કે ચોળી પહેર્યા વિના ફરવું નહિ. કામવિના જ્યાં ત્યાં ફરવાની ટેવ રાખવી નહિ. અવશ્યના કામે બહાર જવું પડે તો કોઇ વૃદ્ધ તથા પવિત્ર સ્ત્રિઓની સાથે જવું; અને ત્યાં

પ્રયોજન જેટલું જ ટકવું. માર્ગમાં ડાબો ખભો ઊઘાડો રાખી ચાલવું નહિ. બહુ ઉતાવળાં કે છેલ સ્ત્રિઓની પેઠે ચટક–મટક ચાલવું નહિ. માર્ગમાં કોઇ શ્વસુરપક્ષના માન–મહત્તાવાળા પુરુષો સામા મળતાં તેમની મર્યાદા લોપી સામાં થઇને ચાલવું નહિ, પણ એક પડખે મુંઠ ફેરવીને ઉભાં રહેવું. માર્ગે ચાલતાં સામા મળતા જે તે પુરુષો સામું કે આડું–અવળું ન જોતાં પોતાને ઠેસ ન વાગે, કાદવ–કાંટા વાળા કે અપવિત્ર સ્થળમાં પગ ન પડે, અથવા કોઇ જીવ–જંતુ ઉપર પોતાનો પગ ન આવે એમ નીચી દૃષ્ટિએ માર્ગ સામું જોઇને ચાલવું. માર્ગમાં ઉભાં રહીને પોતાના સંબંધી વર્ગના પુરુષ સાથે પણ વાત કરવી નહિ. પોતાની છાતી, નાભીનો ભાગ અને ગુહ્ય અવયવો વૃદ્ધ વૈદ્યને પણ બતાવવાં નહિ. દાંત બહાર દેખાય તેમ છૂટા મોઢે હસવું નહિ. પોતાના પતિ વિના બીજા કોઇ પુરુષ સાથે એક દૃષ્ટિ કરીને (નજર મેળવીને) વાત કરવી કે બોલવું નહિ. પતિવ્રતાઓ પર પુરુષને શબ (મુડદુ) સર્પ કે વ્યાઘ્ર જેવો માની તેથી બહુ દૂર રહે છે. તથા તેનું મુખ ભાદરવાની અજવાળી ચોથના ચંદ્ર જેવું દુષિત–ન જોવાયોગ્ય જાણી દૂરથી અનાયાસે પણ તે ન દેખાય એટલા માટે મુખ આડુ વસ્ત્ર રાખે છે. તેથી ગુજરાત કાઠિયાવાડની સ્ત્રિઓનો લાજ કાઢવાનો ચાલ નિંદવા યોગ્ય નહિ પણ વખાણવા યોગ્ય છે; માટે જે દેશ કે જ્ઞાતિની સ્ત્રિઓમાંનો લાજ કાઢવાનો સંપ્રદાય ન હોય ત્યાં તેનું અવશ્ય અનુકરણ થવું જોઇએ. લાજ ન કાઢવાથી કામી પુરુષો ક્રમે દૃષ્ટિ એક કરવાનો, છૂટથી બોલવાનો, અને એકાંત લેવાનો ઉપાય રચી સ્ત્રિઓને શીલભંગ કરવાનો ઉપાય સાધી શકે છે. માટે પોતાનાં યુવાવસ્થાનાં ત્રિશ વર્ષ વિત્યા સુધી પોતાનું શ્રેય ઇચ્છ- નારી ઉત્તમ કુલની સ્ત્રિઓએ લાજ–મલાજાના ચાલનો ન્યૂન માત્ર

પણ પરિત્યાગ કરવો નહિ. સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં એ લાજ-મલાજાનો વૃદ્ધ સંપ્રદાય ઘણા સદ્વિચારથી પ્રવર્તેલો છે. જેથી મથુરા-કાશી આદિ ઉત્તર હિંદુસ્થાન તથા મારવાડ-મેવાડ અને બંગાલા આદિ દેશોની સ્ત્રિઓમાં પણ આ સંપ્રદાય અદ્યાપિ ચાલુ જોવામાં આવે છે. પોતાના પતિ વિના અન્ય પુરુષનું મુખ ન જોવું એ હેતુને લીધે જ રાજ-કુટુંબની સ્ત્રિઓમાં અંતઃપુરમાં રહેવાનો અથવા પટાંતરે (ઑઝલ) રહેવાનો સંપ્રદાય પ્રવર્તેલો છે કે જે બહુ મહત્વ વાળો હોવાથી પાલન કરવા યોગ્ય છે. જે અંતઃપુરમાં રહેનારી-જનાનાની સ્ત્રીઓ આ નિયમનું પાલન કરીને પર પુરુષોનું મુખ જોતી નથી, તેમની દૃષ્ટિની ચંચળતા ન વધવાથી નેત્રના દિવ્ય બળની વૃદ્ધિ થાય છે ને તેથી તેમનું મનો બળ પણ બહુ વધે છે ને એવા મનોબળ વાળી સ્ત્રિઓ જ પ્રજાના સમસ્ત સુખના આધારરૂપ શૂર કુમારોને જન્મ આપી વીરમાતાઓની ગણનામાં ગણાય છે. સુલક્ષણા સ્ત્રિયોએ પતિના સંબંધિઓને તુંકારે કે તોછડી વાણીમાં ન બોલાવતાં તેમનું માન જળવાય એવા સુશોભિત શબ્દોથી બોલાવવાં. વિના પ્રયોજને બહુ બોલવાની ટેવ વહુઓએ રાખવી નહિ; પણ પ્રયોજન પુરતું મીઠી વાણીમાં બોલવું. ઘરમાં સાસુ કે સ્વામી જે શિખામણની અથવા કોઇ હાનિ-લાભની ગુપ્ત વાર્તા કહે તે અન્ય મનુષ્યો આગળ પ્રકાશ કરવી નહિ. સોનારૂપાનાં ઘરેણાં કે કોઈ મૂલ્યવાન્ પદાર્થો મૂકવાનાં સ્થળો જ્યાં ત્યાં મળી આવે છે, પણ અંતરૂની વાર્તા કહેવાનાં સ્થળો મળતાં નથી. માટે સાંભળેલી વ્યવહારની કે પરમાર્થની ગુપ્ત વાર્તાઓ અંતરૂમાં રાખવાનું મનોબળ વધારવું જોઇએ. સ્વામીના સંબંધિઓ સાથે દ્વેષ કરવો નહિ; પણ તેમનો યોગ્ય સત્કાર કરવો. સાસુ-સસરામાં પોતાનાં માતા-પિતા જેવો, મોટી

નણંદમાં પોતાની બેન જેવો, જેઠ-જેઠાણીમાં પોતાનાં મોટાં ભાઈ-બેન જેવો કિંવા માતા-પિતા જેવો અને દિયરમાં તથા નાની નણંદમાં પોતાનાં પુત્ર-પુત્રી જેવો ભાવ રાખી તેમનું યોગ્ય રીતે સેવા, સત્કાર અને પોષણ કરવું; પણ તેમના ઉપર અદેખાઇ કરી દુભવવાં નહિ. સગાં સંબંધીના મરણ પ્રસંગમાં રોવા-કૂટવાથી વડાઇ માનવી નહિ. અનાર્ય લોકોના હોળી ખેલવાના કુચાલમાં કુલિન્ સ્ત્રિઓએ ભાગ લેવો નહિ; કારણ કે તે કેવળ અધર્મ રૂપ છે. વિવાહાદિ માંગલિક પ્રસંગમાં પોતાનું મુખ લજવવા ફટાણાં ગાવાં કે ગવરાવવાં નહિ; ને ગાવાં તો માત્ર શાસ્ત્રીય ગીતો જ ગાવાં. તથા આ નીચે દર્શાવેલા સૌભાગ્યવતી સ્ત્રિઓના વિશેષ ધર્મોને સારી રીતે સમજી પોતાના વર્તનમાં લાવવા.

સૌભાગ્યવતી સ્ત્રિઓના વિશેષ ધર્મ.

પવિત્ર સાધ્વી સ્ત્રીએ પોતાને સદ્ગતિ આપનારું પોતાનું પાતિવ્રત્ય છે એમ સમજીને નિરંતર તન-મન અને ધનથી પતિસેવા-પરાયણ રહેવું. પોતાનો પતિ ગુણવાન્ કે ગુણ વગરનો હોય તથાપિ તેને ઈશ્વરરૂપજ માની, તેનાથી વિરુદ્ધ ક્યારે પણ વર્તવું નહિ. પ્રાણાંતે પણ પતિના આગળ કડવું-કઠોર કે અપ્રિય તથા જેથી તેમને રોષ ઉત્પન્ન થાય તથા તેઓ માનભંગ થાય તેવું દુષ્ટ વચન ક્યારે પણ બોલવું નહિ. હસતા મુખે, મધુર વાણીથી, સરલતા અને શાંતિથી, તેઓ પ્રસન્નતામાં જ રહે એવી પ્રિય વાણીનો ઉચ્ચાર પતિ પાસે કરવો. સ્વામીના જમ્યા પછી જમવું ને સ્વામીના સૂતા પછી સૂવું; પણ તેમના પહેલાં ઉઠવું. પોતાનું શરીર અને પહેરવાનાં વસ્ત્ર મલિન રાખવાં નહિ. પોતાના સ્વામીના આયુષ્યની વૃદ્ધિ માટે સુવા

સ્રીએ કપાળમાં કંકુનો ચાંલ્લો કરવો, આંખમાં કાજલ આંજવું, ચોળી વા કાપડું પહેરવું, પાન ખાવું, અને કોટે મંગળસૂત્ર પહેરવું, નિત્ય માથામાં સુગંધી તેલ નાંખી–ઓળી–ગુંથી અંબોડો બાંધવો, હાથે કંકણ–કડાં કે ચૂડીઓ–બલોયાં પહેરી રાખવાં, અને કાને ઠોળિયાં કે કાપ આદિ પહેરવાં ઇત્યાદિ સૌભાગ્યવતીઓના અલંકારો ક્યારે પણ શરીરથી દૂર કરવા નહિ. દ્વિજો જેમ ઉપવીત દૂર કરતા નથી તેવી જ રીતે સૌભાગ્યવતીએ ઉપરના સૌભાગ્ય અલંકારો દૂર કરવા નહિ. પોતાના સ્વામીના આયુષ્યની વૃદ્ધી માટે તેમના નામનો ઉચ્ચાર કરવો નહિ. એટલાજ માટે પ્રાચીન આર્ય સ્ત્રિઓએ કોઇ અગત્યના સ્થલે નામનો ઉચ્ચાર ન કરતાં પ્રેમાવેશમાં, દુ:ખમાં, ભયમાં, તથા ધીરજ ન રહેવાના સમયમાં પણ પ્રિય ! પ્રિયતમ ! વહાલા ! નાથ ! પ્રાણનાથ ! સ્વામિન્ ! શિરોમણિ ! જીવન ! હૃદય ! નયનતારક ! અને ઇશ્વર ! એ નામોથી સંબોધન કરી વ્યવહાર ચલાવેલો જોવામાં આવે છે. પોતાનાથી અધિક વય(ઉમ્મર)ના અન્ય પુરુષોને પિતા સમાન, સમાન વયનાને ભાઇ સમાન અને પોતાનાથી નાની વયના પુરુષોને પુત્ર સમાન જાણવા. ક્યારે પણ નિર્લજ્જના જેવું આચારણ કરવું નહિ. એકલાં બહાર કે ગામ પરગામ જવું નહિ. જ્યાં ઘણા માણસોનો સમૂહ ભેગો થવાનો હોય એવા મેળામાં કે જ્યાં કાંઇ ખેલ થતા હોય ત્યાં સુલક્ષણા સાધ્વીએ જવું નહિ. શણગાર સજી પ્રયોજન વિના બહાર નિકળવું નહિ. પતિના વિયોગ સમયે બ્રહ્મચર્ય પાળવુ. સ્વામીની અનન્ય ભાવે સેવા કરનારી પતિવ્રતા સ્રી સ્વર્ગમાં જાય છે. અનન્ય ભાવે પોતાના સ્વામીની સેવા કરનારી સ્ત્રી પોતાનો સ્વામી દેવપૂજા, યજ્ઞ–યાગ, પિતૃશ્રાદ્ધ અથવા જે જે કાંઇ સત્ક્રિયા કરે છે, તેમાં તે અર્ધા ફળની ભાગીયણ થાય છે. માટે પોતાના કલ્યાણને

અર્થે સૌભાગ્યવતીને બીજા જૂદા કોઇ પણ યજ્ઞ વ્રત કે ઉપવાસ આદિ કરવાની અગત્ય નથી. કારણ કે માત્ર સ્વામી સેવારૂપ સત્કર્મથી જ તેને ઉચ્ચ લોકની ગતિ પ્રાપ્ત થાય છે; માટે સ્વામીની આજ્ઞા વિના તેણે કાંઇ પણ વ્રતોપવાસાદિ કરવાં નહિ. માટે પ્રત્યેક સધવા સ્ત્રીએ પતિની સેવા કરવી.

સ્ત્રિઓને સામાન્ય ઉપદેશ.

૧ ભાઇ કે બાપ આદિ કોઇ પુરુષની ડોકે વળગી મળવું નહિ, ૨ પરપુરુષને સ્નાન ન કરાવવું, ૩ પરપુરુષને તેલ આદિ ચોળવું નહિ, ૪ પરપુરુષ સાથે ગંજીફા આદિની રમત ન રમવી, ૫ પરપુરુષનો છેડો પકડી વાત ન કરવી, ૬ પરપુરુષ સાથે હસીને તાળી ન લેવી, ૭ પરપુરુષની ચોટલી ન ગુંથવી, ૮ પરપુરુષનું શરીર ન ચાંપવું, ૯ પરપુરુષના હાથની પાનની બીડી ન લેવી, ૧૦ પરપુરુષ સાથે એક શય્યાએ બેસવું નહિ, ૧૧ માર્ગે કે શેરીએ પુરુષના સમૂહમાં ન ચાલવું, ૧૨ આપત્કાળ વિના ઘોડા ઉપર બેસવું નહિ, ૧૩ જેઠ સાસરો સાસુ કે સાસરાના પક્ષનું બીજું કોઈ મોટું હોય તેમની સાથે ઉપહાસ ન કરવો, ૧૪ પરપુરુષ સાથે એકાંતમાં રહેવું નહિ, ૧૫ પરપુરુષ ભણી રાગવાળી દૃષ્ટિ કરવી નહિ, ૧૬ પરપુરુષ સાથે સંકેત વાળી ભાષા બોલવી નહિ, ૧૭ દુરાચારી પુરુષો સાથે ભાષણ ન કરવું, ૧૮ કોઇ પુરુષ દેખે એમ મળ મૂત્રનો ત્યાગ કરવા ન બેસવું, ૧૯ જ્યાં પુરુષો સૂતા હોય ત્યાં અમર્યાદ પણે ફરવું નહિ, ૨૦ પુરુષોના દેખતાં આળસ મરડવું નહિ, તેમ ઢાંકવા યોગ્ય અવયવોને ઉઘાડા ન થવા દેવા, ૨૧ મીઠા પદાર્થો ખાવા ઉપર બહુ રુચી રાખવી નહિ ને ભોજન પરિમિત

કરવું, ૨૨ મોટે સ્વરે બોલવું નહિ તથા હસવું નહિ, ૨૩ અજાણે ઘેર એકલાં જવું નહિ. ૨૪ પીયરમાં બહુ રહેવું નહિ, ૨૫ ઘરની ગુપ્ત રાખવા યોગ્ય વાત કોઇની આગળ કરવી નહિ, ૨૬ સાસરાનું દ્રવ્ય કપટથી પીયર વાળાને આપવું નહિ, ૨૭ ધીરા તથા નીચા સ્વરથી અગત્યનું બોલવું, ૨૮ યોગ્ય અલંકાર પહેરેલા રાખવા, ૨૯ પતિનું અપમાન થાય ત્યાં ન જવું, ૩૦ ઘરના કામ કાજમાં કુશળતા રાખવી, ૩૧ ધણી પ્રતિ પ્રેમ તથા માનથી વર્તવું, ને તેમનાં સગાંને માન આપવું, અને ૩૨ પ્રભુની શુદ્ધ ભાવથી ભક્તિ કરવી.

સુજ્ઞ સાસુઓના ધર્મ.

દીકરાની વહુ ઘેર આવ્યા પછી, સાસુ-સસરાએ એવી સાવચેતીથી વર્તવું કે, તે વહુ પોતાના વર્તનમાં કોઇ જાતના દોષો જોઇ શકે નહિ. જેમ નાનું બાળક પોતાનાં માતા-પિતાના ગુણ દોષ, આચાર-વિચાર અને સઘળી સાંસારિક વર્તનની રીત ભાતનું અનુકરણ કરતાં શિખે છે, તેમ વહુઓ પણ સાસરે આવી સસરાના ઘરના આચાર વિચાર, ધાર્મિક રહેણી કરણી અને સાંસારિક રીત ભાત જોઇ, તેનું અનુકરણ કરીને જ વર્તતાં શિખે છે. માટે વહુઓને જે ધર્મ, નીતિ, સદાચાર, સદ્વિચાર, વિવેક, વિનય, સત્ય, ઉદારતા, ક્ષમા, શાંતિ, ધીરજ, સહનશીલતા, ગુણચાતુર્ય, વ્યવહારકૌશલ્ય, અને સઘળી ગૃહવ્યવસ્થા આદિ ગુણોનું શિક્ષણ આપવું હોય તો, પ્રથમ તે ગુણોનું દર્શન તેમને સાસુ-સસરાએ પોતાના વર્તનમાં જ બતાવી આપવું. ચાલે ત્યાં સુધી રજોદર્શન થયા વિના તેને સંસાર વ્યવહારમાં જોડવી નહિ. જેણે પરઘર ક્યારે પણ જોયું નથી, પરા-

યાં મનુષ્યોમાં વસી પરાધિનતાના દુઃખનો એક દિવસ પણ અનુભવ કર્યો નથી ને માત્ર માતા-પિતાના અનવધિ પ્રેમ-વાત્સલ્યપૂર્વક બાલ્યાવસ્થાનું સુખ ભોગવતાં પિતૃ વર્ગના મનુષ્યોનો જ જેને વિશેષ પરિચય થયેલો છે, એવી નવોઢાને પરિચિત મનુષ્યોનો વિયોગ થવાથી સાસરે પ્રથમ અણગમો થાય એ સ્વાભાવિક છે. માટે તેને પોતાના ઘરની માયા થાય, પોતાનાં મનુષ્યોનો સ્નેહ બંધાય ને તે આ જ હવે મારુ નિત્ય રહેવાનું ઘર છે, એમ સારી રીતે સમજે ત્યાંસુધી તેના અણગમાના દિવસો આનંદમાં વ્યતીત થવા માટે સુજ્ઞ સાસુએ ઘટતી યોજના કરવી જોઇએ.

કેટલીક સાસુઓ દિકરાની વહુ પરણીને ઘેર આવી કે તુરત જ, તેના ઉપર પોતાનો દાબ બેસારવા કે વશમાં રાખવા, તેને તુંકારેથી કિંવા તોછડા શબ્દોમાં બોલાવી, અયોગ્ય ધમકી આપી, તેના પ્રત્યેક કામમાં દોષ કાઢી, વારે ઘડીએ લઢયા કરે છે. અંતે તેનો પરિણામ સાસુના ધારવાથી વિરુદ્ધ આવી, સાસુ પોતે જ પોતાનો ભારબોજ ખોઇ હલકી પડે છે. માટે વહુને દુઃખ લાગે એવા શબ્દોમાં બોલાવવાની ખોટી ટેવ ન રાખતાં, સંમાનપૂર્વક બોલાવવી અને ઘરનાં નાનાં મોટાં માણસ પણ વિવેકપૂર્વક યોગ્ય રીતે જ તેને બોલાવે એવી યોજના સાસુએ કરવી જોઇએ. વહુના ઉપર નિરર્થક નિગ્રહ રાખવા ન જતાં, માત્ર જ્યારે તેનાથી કાંઇ વિરુદ્ધ વર્તન થતું જોવામાં આવે ત્યારે જ તેને ક્રોધના આવેશમાં ન જતાં. શાંતિથી યુક્તિપૂર્વક બોધરૂપે ઘટતા બે શબ્દો સાસુએ કહેવા જોઇએ પણ જેનાથી કાંઇ વિરુદ્ધાચરણ થતું નથી, સંસારની રીતભાત અને ધર્મ-નીતિમાં પોતે કુશલ છે, શ્વસુરપક્ષનાં મનુષ્યોનું સન્માન સારી રીતે જાળવી શકે છે, વિનય વિવેક બહાર જે પગલું ભરતી નથી

ને ઘરનું કામ કાજ પોતાની શક્તિ અનુસાર કરે છે, એવી શાણી તથા વિદ્વાન્ વહુઓના ઉપર એવો અયોગ્ય નિગ્રહ ઉપયોગી નથી. વહુ બાલક હોય કામકાજમાં અજાણી કે અણશિખાઉ હોય તો તેને તેમાટે વારંવાર વઢવું નહિ; પણ ન આવડતું કામ સાસુએ સારી રીતે પાસે બેસી ધીરે રહીને શિખવાડવું જોઇએ. તેની અવસ્થા કે શરીરશક્તિના પ્રમાણથી અધિક કામ તેને બતાવવું નહિ; કારણ કે તે લઢવાના ભયથી કાં તો લાજની મારી કરવા જાય તો જાતે દુઃખી થાય, કાં તે કામ બગડે. વહુ જે કામ કાજ કરે તેમાં કદાપિ કોઇ કામ બગડે કે કોઇ વસ્તુની હાનિ થાય તો તેમ થવાનું કારણ પોતાની બુદ્ધિથી શોધી કાઢી તેને શાંતિથી સમજ પાડી બોધ રૂપે કહેવું; પણ લઢવાના રૂપમાં કહેવું નહિ; ને હાનિનો પોતે પરિતાપ કરવો નહિ ને વહુને પણ કરાવવો નહિ. કામ કાજમાં પણ તેની અવસ્થા શરીર અને બુદ્ધિની શક્તિના પ્રમાણમાં તેને જોડવી પણ નિર્દય થઇ તેને દુઃખી કરવાનો ઉપાય સાસુએ કરવો નહિ. બતાવ્યા વિના પોતાના ઉત્સાહથી અથવા અણસમજણથી પોતાની શક્તિથી અધિક કાંઈ બહાનું કામ કર્યું હોય તો તેને જે શ્રમ થયેલો હોય કે દુઃખી થઈ હોય, તેની સંભાળ સાસુએ લેવી. પોતાના ઘરમાં બીજી પુત્રની વહુઓ હોય કે પુત્રીઓ હોય તો સાસુએ ઘરકામની વ્યવસ્થા કરી સૌની શક્તિ વિચારી તે કામો વહેંચી આપવાં; પણ તેમાં ભિન્નભાવ રાખી કોઇને અધિક ને કોઇને ઓછું, કે કોઇ એકલું જ દુઃખી થાય તેમ કરવું નહિ. તેમજ તે વ્યવસ્થામાં યોગ્યતા પ્રમાણે પોતે પણ ભાગ લેવો. સાસુએ વહુને નિગ્રહમાં રાખતાં, કામ કાજ બતાવતાં, પોતાની પૂર્વાવસ્થા સંભારવી જોઇએ, કે હું પણ એવી જ હતી; ને હવે મહાવરાથી સર્વ કામમાં પ્રવીણ થઇ છું; માટે તે

પણ દિવસે દિવસે મોટી થતાં સર્વ કાર્યમાં એની મેળે પ્રવીણ થશે. વહુ ઘરના સર્વ કામમાં કુશલ હોય ને તે રસોઇ આદિનું કામ બુદ્ધિપૂર્વક કરતી હોય તો તેના ઉપર બેસી ચીકણો સ્વભાવ રાખી તેને જે તે ભૂલ કાઢીને વારંવાર ટોકવી નહિ; કારણ કે એમ કરવાથી તે ઉત્સાહ ભંગ થાય છે તથા તેનું મન દુઃખાવાથી ચિત્ત વ્યગ્ર થઇ જાય છે ને તેથી તે કામમાં કુશલ છતાં તેનાથી કામ બગડે છે. વહુના શરીરનું આરોગ્ય નિત્ય સાસુએ જાળવવું. ને તેને કાંઇ પણ તાવ ઉધરસ કે શ્લેષ્મ આદિ વ્યાધિ થઇ આવે તો સાસુએ ઘરના પુરુષોદ્વારા ઔષધોપચારની જોગવાઇ કરી આપવી. ઘણે ઠેકાણે અબળાઓના શરીરમાં મોટા મોટા રોગોએ ઘર કરેલાં જોવામાં આવે છે ને તે લાજનાં મારચાં કહી શકતાં નથી, તેમ જ અજ્ઞ સાસુ કે ઘરનાં વડિલો તેની સંભાળ લેતાં નથી, જેથી તેઓ છેવટે ભયંકર સ્થિતિએ પહોંચી જાય છે. માટે ઘરના પ્રમુખ માણસે ઘરમાં સર્વ આરોગ્ય છે કે કેમ? તેની નિત્ય સંભાળ લેવી. દીકરાની વહુ વયે નાની હોય, અભણ હોય, વિદ્યા, કળા, ગુણ, ચતુરાઇ તથા બોલવા–ચાલવાના વિવેક–વિનયથી અજ્ઞાત હોય, સ્ત્રિઓનાં અવશ્ય ઉપયોગી કામોમાં પણ અણશિખાઉ હોય તથા કદ્રૂપી, રોગી, આળસુ કે જડ હોય, નિર્ધનની દીકરી હોય કે નીચા કુલમાંથી આવેલી હોય તો તેના દોષો તેને વારંવાર સંભળાવી તેનું મન દુઃખાય તેમ મહેણાં દઇ વઢવું નહિ; પણ તેનામાં જે સુધરી શકે તેવા દોષો હોય તે તેને સમજાવી ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપી, તે દોષો સુધરાવવા. તથા તેનામાં જે જે ગુણોની ન્યૂનતા જણાતી હોય તે તે ગુણો પણ સુજ્ઞ સાસુએ ધીરે ધીરે શિખવાડવા. સાસુનું શાણપણ પ્રૌઢ બુદ્ધિ, વ્યવહારકુશલતા તથા વિદ્યા–કલાના જ્ઞાનની ખરી

परीक्षा ने खरी कसोटी त्यारे ज थाय छे के ज्यारे पोताने घेर आवेली अज्ञ तथा जड जेवी वहुओ पण सारां आचरणो वाळी थइ सर्व व्यवहारमां चतुर नीवडे. जेवो हर्ष दीकराने परणावी वहुने घेर लाववा माटे प्रथम होय छे तेवो हर्ष ते वहुना आव्या पछी निरंतर एक सरखो रहेतो नथी, माटे तेम न राखतां सासुए वहुना उपर नित्य सरखो ज प्रेम राखवो. पोतानी ज्ञातिमां पोताने कुलिनता प्राप्त होय, दीकराने बीजी वार परणाववा पासे पुष्कल धन होय, कन्याओनी बहु छत होय, तेम ज पोताना पुत्रने बीजी सहज मळे तेम होय तो पण परणीने आवेली वहुने सोंघी (लुंडी, गुलाम, उंदरडी के ढेखाळा समान) गणी तेने दुःख देवुं नहि. पण तेने पोताना पुत्र–पुत्री समान ज गणवी. जे सासुओ वहुओने पोतानी प्रजा करतां हलकी गणी दुःख दे छे तेओ ईश्वरनां मोटां अपराधी गणाय छे. धर्मशास्त्रमां कह्युं छे के जेना घरमां खावा–पीवाना तथा पहेरवा–ओढवाना पदार्थोथी वहुओनो सारो सत्कार थाय छे तेना उपर ब्रह्मादि देवो, अर्यमादि पितरो, अने सनकादि मनुष्यो प्रसन्न थाय छे. स्त्रिओ भरण–पोषणथी संतुष्ट थयेली होय तो ते सर्व सुखना भंडाररूप स्त्रिओ छे ने जो कोप पामेली होय तो ते क्रुद्ध थयेली भयंकर देवीओ छे. सन्मान पामेली स्त्रियो कुलनी वृद्धि करे छे ने अपमान पामेली स्त्रियो कुलनो क्षय करे छे. माटे श्वसुर पक्षना कोइ पण मनुष्ये स्त्री वर्गनुं आपमान करवुं नहि. जे घरमां स्त्रिओ दुःखी थाय छे ते कुल सत्वर नाश पामे छे तथा जे घरमां स्त्रिओ सुखी थाय छे तेनुं कुल वृद्धि पामे छे. माटे समजणी सासुए पोताना घरनी संपत्ति अनुसार भोजन अने वस्त्रालंकार वडे वहु-

ઓનું સન્માન કરી નિરંતર તેમને પ્રસન્ન રાખવી. પોતાના પુત્રને વહુ સુખી થવાથી જ આયુષ્ય, ધન, કીર્તિ, સુખ અને પુત્રાદિ સંતતિ પ્રાપ્ત થાય છે, એ સાસુએ કયારે પણ ભુલવું નહિ. જેના ઘરમાં નિત્ય સાસુ વહુનો કજીઓ કંકાસ થાય છે તેના ઘરમાં અલક્ષ્મી (દારિદ્ર), દુઃખ, કુલની અવનતિ (પડતી) અને સઘળાં અમંગળ આવી પ્રાપ્ત થાયછે. કલિયુગનો વાસ પણ કલેશ–કંકાસમાં જ છે માટે જ્યાં તે થાય છે ત્યાં કલિ પોતાનો નિવાસ કરી અધર્મ–અનીતિનાં દ્વાર ઉઘાડી ઘરનાં માણસોને થોડા દિવસમાં યમપુરીનું દર્શન કરાવે છે. માટે સાસુએ કલેશ–કંકાસથી બહુ દૂર રહેવું. સાસુ ગમે તેવા શુદ્ધ આચાર પાળે હરિ ભક્તિ કરે કે કથા–કીર્તન સાંભળે પણ તે જો ઘરમાં કલેશ કરી વહુને સંતાપે તો તે તેનું સર્વ વૃથારૂપ છે. વળી સાસુએ સમજવું જોઇએ કે મારા પુત્રના સઘળા સુખનો આધાર એ વહુ છે, તથા મારા હવે પછીના વંશની ઉન્નતિનો આધાર એ વહુ ઉપર છે, ને એ વહુનાથી જ મને પુત્રની પ્રજાનું દર્શન થશે, માટે વહુની પ્રસન્નતા નિત્ય જાળવવી જોઇએ. વહુ અને દીકરો એકાંતમાં વાર્તા વિનોદ કરતા હોય કે હસતાં બોલતાં હોય તો તેમની છાની ચેષ્ટા જોવાની ટેવ સાસુએ રાખવી નહિ. વહુના દોષો દીકરાની પાસે કહી બતાવી તે ધણીધણીઆણીમાં પરસ્પરમાં કલહ થાય તેવો ઉપાય સાસુએ કરવો નહિ. તથા બીજી કોઇ રીતે વહુ પોતાને ન ગમતી હોવાથી વહુ અને દીકરા વચ્ચે અણબનાવ થાય એવો યત્ન સાસુએ ન કરવો. તથા કોઇ રીતે ધણી–ધણીઆણીનો વિયોગ થાય તો ઠીક એવું અશુભ ચિંતન કરવું એ સાસુને યોગ્ય નથી. દીકરાને બીજી સ્ત્રી સુલભતાથી મળે તેમ હોય તોપણ અગ-

ત્યના કારણ વિના વૈરભાવથી બીજી સ્ત્રી લાવવા સાસુએ પ્રયત્ન કરવો નહિ. કારણ કે એમાં પુત્રનું ઇષ્ટ નહિ પણ માતાના પોતાના હાથથી જ અનિષ્ટ કરાય છે. જેવી રીતે ઉંદરને દરમાં પેસતાં સર્પનું અને બહાર નીકળતાં બિલાડીનું દર્શન થતાં જેવી દશા તે ઉંદરની થાય છે તેવી દશા બે સ્ત્રિઓવાળા પુરુષની થાય છે એવું નીતિ શાસ્ત્રનું વચન છે તે સાસુએ વિસારવું નહિ. વહુના સાંભળતાં પોતાના દીકરાને પણ તોછડા શબ્દમાં બોલાવવો નહિ અયોગ્ય ઠપકો દેવો નહિ અને લઢવું પણ નહિ. વહુના સાંભળતાં તેના બાપને, માને, ભાઇને કે ભોજાઇ આદિ તેનાં પિયરીઆંને તોછડા શબ્દો કહી ગાળો ભાંડી તે વહુના મનની લાગણી દુઃખાવવી એ શાણી સાસુને ઘટિત નથી. સાસુએ વહુને મૂકીને કયારે પણ એકલાં ખાવાની ટેવ રાખવી નહિ. ખાવા પીવામાં તેની સારી રીતે સંભાળ રાખવી કારણ કે લાજને લીધે તે ભૂખી રહે નહિ. કોઈ ફ્લફ્લાદિ કે મિઠાઇ મેવાના નવાઇના પદાર્થો ઘરમાં આવતાં ભાગ પડતા વહુને પણ સાસુએ આપવા જોઇએ. નિરંતર સમયની એક સરખી સ્થિતિ ન રહેવાના ઈશ્વરી નિયમના સંકેતને લીધે, સાસુએ પૂર્વાવસ્થામાં ઘરની સારી સ્થિતિ ને વિશેષ વૈભવનું સુખ ભોગવ્યું હોય, ને તે કદાપિ વહુના સમયમાં સ્થિતિએ રૂપ બદલ્યું હોવાથી સાધારણ રીતે નિર્વાહ કરવાનો હોય કે જેથી સાસુએ દીઠેલા સુખમાં ન્યૂનતા થયેલી હોય, ત્યારે કેટલીક મૂર્ખ સાસુઓ પોતાની પૂર્વાવસ્થાનું સુખ સંભારી વહુને સંતાપવા કહે છે કે, 'તું નઠારા પગલાંની', 'તું ટુંકા ભાગ્યની', 'તારા આવવાથી અમારી આવી દશા થઈ,' આવાં દુષ્ટ વાકયો કહી વગર કારણે વહુ સાથે કલેશ કરે છે; પણ સમજતી નથી કે આમાં તો વહુનો એકલીનો નહિ પણ ઘરનાં સઘળાં માણસોના

પ્રારબ્ધ યોગનો જ દોષ છે. આવું નિષિદ્ધ વર્તન સારી સાસુએ કરવું નહિ. સાસુની પૂર્વાવસ્થા સામાન્ય સ્થિતિમાં વિતવાથી સાસુએ જો કે ઓછા વૈભવનું સુખ જોયું હોય, ને વહુના સમયમાં સારી સ્થિતિ પ્રાપ્ત થયેલી હોવાથી વહુ કદાપિ ખાવા-પીવામાં, ઓઢવા પહેરવામાં કે બીજાં સાંસારિક સુખ ભોગવવામાં સ્થિતિ અનુસાર વર્તતી હોય, તો તે જોઈ કેટલીક અદેખા સ્વભાવની સાસુઓ પોતે નહિ ભોગવેલાં સુખ વહુને ભોગવતી જોઇને અંતરમાં બળ્યા કરે છે. અને કોઇ કોઇ વાર થતા અંતરૂપરીતાપને લીધે વહુ સાથે એવી વાંકી વાણીમાં બોલે છે કે, તેના અદેખા સ્વભાવની ને અજ્ઞાની દીકરો, વહુ અને બીજા લોકો પણ પરીક્ષા કરે છે. માટે પુત્ર તથા પુત્રની વહુનું સુખ જોઇ પ્રસન્ન થવું એ વૃદ્ધોનો ધર્મ છે, એમ સમજી એવા અઘટિત તથા હળવાં પડવાના કર્તવ્યથી પણ સમજણી સાસુઓએ દૂર રહેવું. સાસુએ વહુને પોતાના કુલાચારની, નાતજાતની તથા બીજી કેટલીક વ્યવહાર સંબંધની રીતભાતમાં પ્રવીણ કરવી. વહુ વિદ્વાન્ હોય ને કદાપિ તે કોઇ સતશાસ્ત્ર વાંચવામાં સમય ગાળે તો તેને તે સમયમાં વિક્ષેપ ન કરતાં જોઇતો સમય આપવો. પોતાનું જ્ઞાન વહુના કરતાં સારૂ હોય તો તેને શાસ્ત્ર વાર્તાનું રહસ્ય સમજાવવું. તથા આ નિત્યકર્મ સાસુએ બરાબર વાંચી સમજી, વહુ વાંચી સમજી શકે તેમ ન હોય તો તેને સમજ પાડી શિખવાડવું ને નિત્ય તેની પાસે કરાવવું.

રજસ્વલા સ્ત્રિઓને પાળવાના નિયમો.

બહુધા સ્ત્રિઓને બારમા વર્ષથી પચાસ વર્ષસુધી પ્રત્યેક માસે ઋતુ (રજસ્વલાપણું) પ્રાપ્ત થાય છે. આ રજોદર્શનના ત્રણ દિવ-

સોમાં અપવિત્ર ગણાય છે. ચોથે દિવસે નહાયા પછી ઘરમાં સ્પર્શ કરવાયોગ્ય શુદ્ધ થાય છે. તથા પાંચમે દિવસે સ્નાન કર્યા પછી દેવપૂજનાદિ પુણ્યકર્મ કરવાને યોગ્ય થાય છે.

રજસ્વલા સ્ત્રીએ બની શકે તો પહેલા ત્રણ દિવસસુધી કોઈને પોતાનું મુખ બતાવવું નહિ, કે વચન પણ સંભળાવવું નહિ. શરીરે તેલ ચોળવું નહિ, ફુલ કે અલંકારો ધારણ કરવાં નહિ, આંખો આંજવી નહિ, શરીરે ચંદન લેપન કરવું નહિ, કેશ ઓળવા નહિ, દાતણ કરવું નહિ, અને સ્નાન પણ કરવું નહિ, રોવું કે આંસુ પાડવાં નહિ, થાક લાગે એવું કામ કરવું નહિ, જમીન ખોદવી નહિ, નખ કાપવા નહિ, ને દોડવું કે હસવું પણ નહિ. દૂધ, ખાટા પદાર્થો કે વાયુ વધારનારા પદાર્થો ખાવા નહિ, ચોથે દિવસે નાહી પોતાના દેહની શુદ્ધિને માટે પંચગવ્ય (ગાયનું છાણ, મૂત્ર, દૂધ, દહીં અને ઘી.) એકઠું કરીને પીવું. નહાયા પછી પહેલું પોતાના સ્વામી વિના બીજા કોઈનું મુખ જોવું નહિ.

ગર્ભિણી સ્ત્રીના નિયમો.

ગર્ભિણી સ્ત્રિએ સદા આનંદમાં રહેવું. બની શકે તો નિત્ય નવ નવાં વસ્ત્રો તથા અલંકાર ધારણ કરવા. પવિત્ર રહેવું. હલકા, નરમ, ઘીવાળા ને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે તથા વહેલા પાચન થાય એવા પદાર્થોનો આહાર કરવો. અતિષય ખાટા, તીખા, ખારા, ઊના, વાસી, સૂકા, લૂખા, કઠોર, અને કાચા, એવા તથા પાચન થતાં પીડા કરે એવા પદાર્થો ખાવા નહિ. બહુ જમવું નહિ, તેમ ભૂખ્યાં પણ રહેવું નહિ. ઘણો શ્રમ થાય એવાં કામ કરવાં નહિ. પતિશય્યામાં સૂવું કે જાગરણ કરવાં નહિ. શોક કરવો નહિ. વાહન ઉપર બેસવું

નહિ. ભયંકર સ્થાને જવું નહિ. ને તેવા પદાર્થો જોવા નહિ. પોતાના ગર્ભનું સંરક્ષણ થવા સારુ નિત્ય પ્રાતઃકાલે અને સાયંકાલે શ્રીસદાશિવની સ્તુતિ કરવી.

વિધવા સ્ત્રિઓના ધર્મ.

વિધવા સ્રીએ ચોટલો રાખવો નહિ. પાન ખાવું નહિ. ચંદન કે ફૂલ ધારણ કરવાં નહિ. સોના રૂપાનાં ઘરેણાં પહેરવાં નહિ. રંગિત વસ્ત્ર પહેરવાં નહિ. કાંસાના વાસણમાં જમવું નહિ. બે વખત ભોજન કરવું નહિ. આંખો આંજવી નહિ. પલંગપર સૂવું નહિ. ભૂમિપર સુઇ રહેવું ને શરીરે તેલ ચોળવું નહિ. નિત્ય નાહીને ધોળાં વસ્ત્ર પહેરવાં, ક્રોધને જીતવો, અને ઇન્દ્રિયોને વશ રાખવી. કૃચ્છચાંદ્રાયણઆદિ વ્રતો કરવાં. વૃદ્ધ સ્ત્રિઓના સહવાસમાં રહેવું. શૃંગાર રસવાળાં પુસ્તકો વાંચવાં નહિ. જેમાંથી પોતાને સંસાર પર અરુચિ થાય, ઉદાસી ઉપજે તથા વૈરાગ્ય થાય એવા બોધક ગ્રંથો વાંચવા સાંભળવાં, અને અખંડ બ્રહ્મચર્ય પાળી ઇશ્વર ભજનમાંજ દિવસો નિર્ગમન કરવા.

ઇતિ.

ૐ

અથ શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્રમ્.

વિશ્વં દર્પણદૃશ્યમાનનગરીતુલ્યં નિજાંતર્ગતં,
પશ્યન્નાત્મનિ માયયા બહિરિવોદ્ભૂતં યથા નિદ્રયા;
યઃ સાક્ષાત્કુરુતે પ્રબોધસમયે સ્વાત્માનમેવાદ્વયં,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૧.
બીજસ્યાંતરિવાંકુરો જગદિદં પ્રાઙ્નિર્વિકલ્પં પુનર્,
માયાકલ્પિતદેશકાલકલનાવૈચિત્ર્યચિત્રીકૃતમ્;
માયાવીવ વિજૃંભયત્યપિ મહાયોગીવ યઃ સ્વેચ્છયા,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૨.
યસ્યૈવ સ્ફુરણં સદાત્મકમસત્કલ્પાર્થગં ભાસતે,
સાક્ષાત્તત્ત્વમસીતિ વેદવચસા યો બોધયત્યાશ્રિતાન્;
યત્સાક્ષાત્કરણાદ્ભવેન્ન પુનરાવૃત્તિર્ભવાંભોનિધૌ,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૩.
નાનાછિદ્રઘટોદરસ્થિતમહાદીપપ્રભાભાસ્વરં,
જ્ઞાનં યસ્ય તુ ચક્ષુરાદિકરણદ્વારા બહિઃ સ્પંદતે;
જાનામીતિ તમેવ ભાંતમનુભાત્યેતત્સમસ્તં જગત્,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૪.
દેહં પ્રાણમપીંદ્રિયાણ્યપિ ચલાં બુદ્ધિં ચ શૂન્યં વિદુઃ;
સ્ત્રીબાલાંધજડોપમાસ્ત્વહમિતિ ભ્રાંતા ભૃશં વાદિનઃ;
માયાશક્તિવિલાસકલ્પિતમહાવ્યામોહસંહારિણે,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૫.

રાહુગ્રસ્તદિવાકરેંદુસદૃશો માયાસમાચ્છાદનાત્,
સન્માત્રઃ કરણોપસંહરણતો યોભૂત્સુષુપ્તઃ પુમાન્;
પ્રાગસ્વાપ્સમિતિ પ્રબોધસમયે યઃ પ્રત્યભિજ્ઞાયતે,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૬.
બાલ્યાદિષ્વપિ જાગ્રદાદિષુ તથા સર્વાસ્વવસ્થાસ્વપિ,
વ્યાવૃત્તા સ્વનુવર્તમાનમહમિત્યંતઃ સ્ફુરંતં સદા;
સ્વાત્માનં પ્રકટીકરોતિ ભજતાં યો ભદ્રયા મુદ્રયા,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૭.
વિશ્વં પશ્યતિ કાર્યકારણતયા સ્વસ્વામિસંબંધતઃ,
શિષ્યાચાર્યતયા તથૈવ પિતૃપુત્રાદ્યાત્મના ભેદતઃ;
સ્વપ્ને જાગ્રતિ વા ય એષ પુરુષો માયાપરિભ્રામિતસ્-
સ્તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૮
ભૂરંભાંસ્યનલોનિલોંબરમહર્નાથો હિમાંશુઃ પુમા-
નિત્યાભાતિ ચરાચરાત્મકમિદં યસ્યૈવ મૂર્ત્યષ્ટકમ્;
નાન્યત્ કિંચન વિદ્યતે વિમૃશતાં યસ્માત્પરસ્માદ્વિભો-
સ્તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૯.
સર્વાત્મત્વમિતિ સ્ફુટીકૃતમિદં યસ્માદમુષ્મિંસ્તવે,
તેનાસ્ય શ્રવણાત્તથાર્થ મનનાદ્ધ્યાનાચ્ચ સંકીર્તનાત્
સર્વાત્મત્વમહાવિભૂતિસહિતં સ્યાદીશ્વરત્વં સ્વતઃ,
સિદ્ધ્યેત્તત્પુનરષ્ટધા પરિણતં ચૈશ્વર્યમવ્યાહતમ્. ૧૦.

ક્ષેપક શ્લોકો.

વટવિટપિસમીપે ભૂમિભાગે નિષણ્ણં,
સકલમુનિજનાનાં જ્ઞાનદાતારમારાત્;

ત્રિભુવનગુરુમીશં દક્ષિણામૂર્તિદેવં,
જનનમરણદુઃખચ્છેદદક્ષં નમામિ. ૧૧.

ચિત્રં વટતરોર્મૂલે, વૃદ્ધાઃ શિષ્યા ગુરુર્યુવા;
ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં, શિષ્યાસ્તુ ચ્છિન્નસંશયાઃ. ૧૨.
ૐ નમઃ પ્રણવાર્થાય, શુદ્ધજ્ઞાનૈકમૂર્તયે;
નિર્મલાય પ્રશાંતાય, દક્ષિણામૂર્તયે નમઃ. ૧૩.
નિધયે સર્વવિદ્યાનાં, ભિષજે ભવરોગિણામ્;
ગુરવે સર્વલોકાનાં, દક્ષિણામૂર્તયે નમઃ. ૧૪.
મૌનવ્યાખ્યાપ્રકટિતપરબ્રહ્મતત્ત્વં યુવાનં,
વર્ષિષ્ઠાંતેવસદૃષિગણૈરાવૃત્તં બ્રહ્મનિષ્ઠૈઃ;
આચાર્યેંદ્રં કરકલિતચિન્મુદ્રમાનંદરુપં,
સ્વાત્મારામં મુદિતવદનં દક્ષિણામૂર્તિમીડે. ૧૫.

ઇતિ શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યશ્રીમચ્છંકરાચાર્યવિરચિતં દક્ષિણામૂર્તિસ્તોત્રમ્ ॥ ૐ ॥

શ્રીઉપનિષદો.

માંડૂક્યની કારિકાસહિત ઈશાદિ અગીઆર ઉપનિષદો મૂલ તથા તેની ગુજરાતીટીકા અને એક સો ને સાત ઉપનિષદોનો ગુજરાતીમાં સાર છપાયેલ છે. સોનેરી અક્ષરના નામયુક્ત પાકા પુંઠાવાળાનું મૂલ્ય રૂ. ૬–૦–૧ લેવામાં આવે છે. ગ્રાહકોએ **આનંદજી વહાલજી વકીલ**, પોરબંદર, એ શિરોનામપર લખી પુસ્તક મંગાવવું.

હેઠળ લખેલા સર્વ ગ્રંથો નીચે સહી કરનારપાસેથી મળશે:—

પાતંજલયોગદર્શન. બીજી આવૃત્તિ. રૂ. ૨–૮–૦ **શ્રીમદ્ભગવદ્ગીતા** રહસ્યદીપિકાટીકાસહિત. બીજી આવૃત્તિ. રૂ. ૨–૮–૦ **શ્રીમદ્ભગવદ્ગીતા** સરલાટીકાસહિત. રૂ. ૦–૭–૬ **નાથસ્વરોદય.** રૂ. ૦–૪–૦ **સદુપદેશદિવાકર.** રૂ. ૦–૧૨–૦ **સુબોધકલ્પલતા.** રૂ. ૦–૧૦–૦ **મનુષ્યમિત્ર.** રૂ. ૦–૪–૬ **સ્વાભાવિકધર્મ.** રૂ. ૦–૪–૦ **ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ.** રૂ. ૦–૨–૬ **પ્રણવવિસ્તારપટ.** રૂ. ૦–૨–૬ **પ્રણવપટ.** રૂ. ૦–૨–૬ **પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ.** રૂ. ૦–૩–૬ **ઉપદેશગ્રંથાવલિ એક અગીઆરથી પચ્ચીશ.** રૂ. ૦–૯–૦ **પંચદશી** ગુજરાતીટીકાસહિત. રૂ. ૪–૦–૦ **સાર્વજનિકશિક્ષાસંગ્રહ.** રૂ. ૦–૩–૦

આનંદજી વહાલજી વકીલ.

પોરબંદર, કાઠીઆવાડ.

